RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

Year-16, Issue-232 ■ DATE : 13-01-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


**સુવિચાર**

કોઈપણ પરિસ્થિતિમાં ગમે ત્યાં હો
પરંતુ મનમાં કમજોરી આવવા ન દો,
જ્યાં રહો ત્યાં મસ્ત રહો...



જેતપુરમાં જયરાજ પ્રિન્ટ કારખાના પાસે જુગાર રમતા પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા P-4

# ટ્રમ્પે ફરી બૉંબ ફોડયોઃ ઈરાન સાથે વેપાર કરનાર પર ૨૫% ટેક્ષ

**નવા ટેરિફ તત્કાલ લાગુ પણ કરી દીધોઃ ભારત પણ યાદીમાં સામેલઃ ભારત ખાંડ-ચા-દવા-ડ્રાયફ્રૂટનો વેપાર ઈરાન સાથે કરે છેઃ અમેરિકા-ઈરાન વચ્ચેનો તણાવ ચરમસીમાએ**



**મુખ્ય સમાચાર, વોશીંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર રશિયા જેવું જ ફોર્મ્યુલા લાગુ કરવાનો નિર્ણય લીધો છે. તેમણે ઈરાન સાથે વેપાર કરતા દેશો પર ટેરિફ જાહેર કર્યા છે. આ ટેરિફ તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે, ભારત પણ ઈરાન સાથે ખાંડ, ચા, દવા અને સૂકા ફળો સહિત ઘણી વસ્તુઓ પર વેપાર કરે છે. હાલમાં, અમેરિકાએ ભારત વિશે કોઈ ચોક્કસ ટિપ્પણી કરી નથી.

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું, તાત્કાલિક રીતે અસરકારક. ઈરાન ઈસ્લામિક રિપબ્લિક સાથે વેપાર કરતા કોઈપણ દેશે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે કરેલા કોઈપણ અને તમામ વ્યવસાય પર ૨૫ ટકા ટેરિફ ચૂકવવાની જરૂર પડશે. આ આદેશ અંતિમ અને નિર્ણાયક છેં એવું અહેવાલ છે કે ચીન, બ્રાઝિલ, તુર્કી અને રશિયા સહિત ઘણા દેશો ઈરાન સાથે વેપાર કરે છે.

ટ્રમ્પે જાહેરાત કરી કે અમેરિકા ઈરાન સાથે વ્યાપાર કરતા કોઈપણ દેશ પર ૨૫% ટેરિફ લાદશે, જેનાથી ઈરાન અને તેના વેપારી ભાગીદારો પર આર્થિક દબાણ વધશે. અમેરિકન રાષ્ટ્રપતિએ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં આ ટેરિફની જાહેરાત કરી.

તેમણે જણાવ્યું કે આ ટેરિફ તાત્કાલિક અમલમાં આવશે. તેમણે કહ્યું કે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન સાથે વ્યાપાર કરતા કોઈપણ દેશે અમેરિકા સાથેના તમામ વ્યવસાય પર ૨૫% ટેરિફ ચૂકવવાની જરૂર પડશે, અને આ તાત્કાલિક અમલમાં આવશે. આ આદેશ અંતિમ છે.

ટ્રમ્પનો આ નિર્ણય વિરોધ પ્રદર્શનોને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે આવ્યો છે. ટ્રમ્પે વારંવાર ઈરાનને ધમકી આપી છે. હવે, ઈરાનની કરોડરજ્જુને મજબૂત બનાવવા માટે, ટ્રમ્પે ઈરાન સાથે વ્યાપાર કરતા લોકો પર ટેરિફની જાહેરાત કરી છે. જો કે, આનાથી વૈશ્વિક સ્તરે અમેરિકાના સંબંધો પર પણ અસર પડી શકે છે, કારણ કે ઈરાનના ભાગીદારોમાં માત્ર પડોશી દેશો જ નહીં પરંતુ ભારત, તુર્કી, ચીન અને સંયુક્ત આરબ અમીરાત જેવા દેશોનો પણ સમાવેશ થાય છે.

ટ્રમ્પે હજુ સુધી આ ટેરિફ કેવી રીતે લાગુ કરવામાં આવશે, કયા દેશોને અસર થશે અને શું કોઈને મુક્તિ આપવામાં આવશે તે અંગે કોઈ વિગતો આપી નથી.

વિરોધ પ્રદર્શનોને કારણે અમેરિકા અને ઈરાન વચ્ચે નોંધપાત્ર તણાવ છે. ઈરાનમાં બે અઠવાડિયાથી વધુ સમયથી સરકાર વિરોધી પ્રદર્શનો થઈ રહ્યા છે. અત્યાર સુધીમાં લગભગ ૬૦૦ લોકો માર્યા ગયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, જ્યારે ૧૦,૬૭૦ થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે.

અમેરિકા અને ટ્રમ્પે વિરોધીઓને ટેકો વ્યક્ત કર્યો છે. ટ્રમ્પે વારંવાર ધમકી આપી છે કે જો વિરોધીઓ માર્યા જાય અથવા તેમની સામે હિંસા કરવામાં આવે તો તેઓ મદદ કરશે.

વધુમાં, વ્હાઈટ હાઉસ કહે છે કે ટ્રમ્પ ઈરાન સામે કાર્યવાહી કરવા માટે તમામ વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે, જેમાં હવાઈ હુમલાનો પણ સમાવેશ થાય છે. દરમિયાન, ઈરાનના સુપ્રીમ લીડર, આયાતુલ્લાહ અલી ખામેની અને અન્ય ઈરાની નેતાઓ આ વિરોધ પ્રદર્શનો માટે અમેરિકા અને ઇઝરાયલને દોષી ઠેરવી રહ્યા છે. ખામેનીએ પણ અનેક વખત અમેરિકાને ખુલ્લેઆમ ચેતવણી આપી છે. તેમણે થોડા દિવસો પહેલા કહ્યું હતું કે ટ્રમ્પે તેમના દેશનું ધ્યાન રાખવું જોઈએ.

તેહરાનમાં ભારતીય દૂતાવાસ અનુસાર, ભારત અને ઈરાન મુખ્ય વેપાર ભાગીદારો છે. તાજેતરના વર્ષોમાં, ઈરાન ઈરાનના ટોચના પાંચ વેપાર ભાગીદારોમાંનું એક બન્યું છે. ભારત ઈરાનને ચોખા, ચા, ખાંડ, દવાઓ, મુખ્ય રેસા, ઇલેક્ટ્રિકલ મશીનરી, કૃત્રિમ ઘરેણાં વગેરે નિકાસ કરે છે. ભારત ઈરાનથી સૂકા ફળો, અકાર્બનિક/કાર્બનિક રસાયણો, કાચના વાસણો વગેરે પણ આયાત કરે છે.

ટ્રમ્પે કહ્યું કે તેહરાન વિરોધ પ્રદર્શનો પરના હિસક કાર્યવાહી બદલ ઈરાન પર હુમલાની ધમકી આપ્યા બાદ વોશિંગ્ટન સાથે વાટાઘાટો કરવા માંગે છે. ટ્રમ્પની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે માનવાધિકાર કાર્યકરોએ સોમવારે કહ્યું હતું કે ઈરાનમાં વિરોધ પ્રદર્શનોમાં મૃત્યુઆંક ઓછામાં ઓછો ૫૯૯ થઈ ગયો છે.

જોકે, ઈરાને હજુ સુધી અમેરિકન રાષ્ટ્રપતિની ટિપ્પણીનો જવાબ આપ્યો નથી. તેમની ટિપ્પણીઓ ઓમાનના વિદેશ મંત્રીની સપ્તાહના અંતે ઈરાનની મુલાકાત બાદ આવી છે, જેઓ લાંબા સમયથી વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે મધ્યસ્થી તરીકે સેવા આપી રહ્યા છે. તે પણ સ્પષ્ટ નથી કે ઈરાન શું ઓફર કરી શકે છે, ખાસ કરીને કારણ કે ટ્રમ્પે તેના પરમાણુ કાર્યક્રમ અને બેલિસ્ટિક મિસાઈલ કાફલા પર કડક શરતો લાદી છે, જેને તેહરાન તેના રાષ્ટ્રીય સંરક્ષણ માટે મહત્વપૂર્ણ માને છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૮૫/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૫૪/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |






| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૪૨,૨૧૦ | ₹૨,૭૦,૧૦૦ |
| | +૧૦ | +૧૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૨૩ | ₹૧૨૧.૫૯ |

# રાજકોટમાં કાલે ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે ખરાખરીનો જંગ

**ગત સાંજે બન્ને ટીમોનું આગમનઃ કાઠીયાવાડી પરંપરાગત રીતે ખેલાડીઓનું ભવ્ય સ્વાગત રંગીલા રાજકોટીયનો પતંગ ઉડાડવાની સાથોસાથ ક્રિકેટ મેચની પણ મજા માણશે**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રંગીલા રાજકોટના ક્રિકેટ રસિયાઓ માટે આતુરતાનો અંત આવ્યો છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી વનડે સિરીઝની બીજી મહત્વપૂર્ણ મેચ રાજકોટના ખંઢેરી સ્થિત નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમમાં આવતીકાલે યોજાવા જઈ રહી છે. આ મેચને લઈને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ગઈકાલે બન્ને ટીમને કાઠીયાવાડી પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ૧૪મી તારીખે યોજાનારા આ હાઈવોલ્ટેજ મુકાબલા માટે ક્રિકેટ ચાહકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ ઐતિહાસિક મેચ માટે ભારત અને ન્યુઝીલેન્ડ બંને ટીમોનું ગઈ સાંજે રાજકોટમાં આગમન થયું હતું. ટીમોનું કાઠીયાવાડી પરંપરાગત રીતે ટીમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ટીમોના આગમનને પગલે શહેરના હોટેલ અને સ્ટેડિયમ વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. મેચના એક દિવસ પૂર્વે એટલે કે આજે બપોરે ૧૩૦ વાગ્યાથી ન્યુઝીલેન્ડની ટીમ અને બાદમાં સાંજે ૫૩૦ વાગ્યાથી ભારત જ ટીમ નેટ પ્રેક્ટીસ કરનાર છે.

આ મેચની સૌથી ખાસ વાત એ છે કે રાજકોટની ધરતી પર ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પૂરા ૨૭ વર્ષ બાદ વનડે મુકાબલો યોજાઈ રહ્યો છે. આંકડાઓ પર નજર કરીએ તો, છેલ્લે ૫ નવેમ્બર ૧૯૯૯ના રોજ રાજકોટના જૂના માધવરાય સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ પર બંને દેશો વચ્ચે ટક્કર થઈ હતી. હવે અઢી દાયકા બાદ નિરંજન શાહ સ્ટેડિયમમાં ફરી એકવાર આ બંને દિગ્ગજ ટીમો આમને-સામને ટકરાશે, જે આ મેચને ઐતિહાસિક બનાવે છે.

ખંઢેરી સ્ટેડિયમમાં રમાનારી આ બીજી વનડે મેચ માટે પીચ ક્યુરેટર્સ અને ગ્રાઉન્ડ સ્ટાફે રાત-દિવસ મહેનત કરી છે. બેટિંગ અને બોલિંગ બંને માટે અનુકૂળ રહે તેવી પીચ તૈયાર કરવામાં આવી છે. સ્ટેડિયમમાં સુરક્ષા વ્યવસ્થાથી લઈને દર્શકોની સુવિધા સુધીની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આવતીકાલે ભારતની ટીમ જીતશે તો સિરીઝ ઉપર કબ્જો જમાવી લેશે

# બાંગ્લાદેશમાં હિંસાનું તાંડવ યથાવતઃ વધુ એક હિન્દુ યુવકની હત્યા

**મુખ્ય સમાચાર, ઢાકા**

બાંગ્લાદેશમાં હિન્દુઓને નિશાન બનાવવા સાથે હિંસાનું તાંડવ ચાલુ જ રહ્યું હોય તેમ વધુ એક હિન્દુ યુવકની ટોળાએ માર મારીને હત્યા કરી હતી. છેલ્લા ૪૨ દિવસમાં ૧૨ હિન્દુઓ હિંસાનો શિકાર બન્યા છે.

બાંગ્લાદેશમાં ભારત વિરોધી વિદ્યાર્થી નાના શરિફ ઓસ્માન હાદીના મોત બાદ ફાટી નીકળેલા તોફાનો-હિંસા હજુ કાબુમાં આવતા નથી. ફેની જીલ્લામાં રહેતા અને ઓટોરીક્ષા ચલાવીને ગુજરાન ચલાવતા સમીરકુમાર દાસને રવિવારે ટોળાએ નિશાન બનાવ્યો હતો.


બેફામ માર મારીને હત્યા કર્યા બાદ હુમલાખોરો ફરાર થઇ ગયા હતા. પોલીસે એવો દાવો કર્યો હતો કે લૂંટના ઈરાદે હત્યા થયાનું પ્રાથમિક તપાસમાં માલુમ પડ્યું છે. હજુ કોઇ ધરપકડ થઇ નથી.



આ પૂર્વે નરસિંગદી જીલ્લામાં કરિયાણાના હિન્દુ વેપારીની હત્યા થઇ હતી. છેલ્લા એક સપ્તાહમાં લઘુમતી વિરોધી તોફાનમાં બે હિન્દુઓની હત્યા કરવામાં આવી હતી.

છેલ્લા ૪૨ દિવસમાં બાંગ્લાદેશમાં ૧૨ હિન્દુ હિંસાનો શિકાર બન્યા છે. ભારત સરકારે હિન્દુઓ પરના હુમલા વિશે ચિંતા દર્શાવી હોવા છતાં હુમલાનો સિલસિલો જારી જ છે.

# ટેરીફ અંગેના ચુકાદા પુર્વે ટ્રમ્પની ચિંતા વધી



અમેરિકા દ્વારા ભારત સહિત દેશો પર જે ટેરિફ લગાવ્યા છે તેમાં પ્રમુખની સતાને પડકારતી રીટ અરજી પર અમેરિકી સુપ્રીમકોર્ટનો ચુકાદો હવે ગમે તે સમયે આવશે તે પુર્વે ટ્રમ્પે તેના સોશ્યલ મીડીયા હેન્ડલ ટ્રુથ સોશ્યલ પર જો ટેરીફ ચુકાદો વિરુદ્ધમાં આવશે તો આપણે બરબાદ થઈ જશુ તેવી ચિંતા દર્શાવી છે. જો આ ચુકાદો ટ્રમ્પ તંત્રની તરફેણમાં ન આવે તો અમેરિકાને ટેરીફની વસુલાયેલી અબજો ડોલરની રકમ પરત કરવી પડશે અને સરકારને મોટુ નુકશાન જશે. ટ્રમ્પે લખ્યું કે અગાઉ વસુલાયેલા નાણા પરત કરવામાં સરકારને મોટી મુશ્કેલી પડશે. ટેરીફ પરત ચુકવતા ચુકવતા આ રકમ અરબો ડોલર સુધી પહોંચી શકે છે. ટ્રમ્પે અમેરિકી સંસદની મંજુરી લીધા વગર જ ટેરીફ અંગે પોતે જ નિર્ણયો લીધા છે તેની સામે સુપ્રીમમાં પડકાર છે.

# કેજરીવાલ-સંજયસિંહને ગુજરાત હાઈકોર્ટનો ઝટકો

**પીએમના ડિગ્રી કેસમાં બંને સામે માનહાનિ કેસ ચાલશે**

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ સિટી સેશન્સ કોર્ટે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ તથા સાંસદ સંજયસિંહની રિવિઝન અરજીઓ નામંજૂર કરી હતી. જેની સામે તેઓ ગુજરાત હાઈકોર્ટમાં અપીલમાં પહોંચ્યા હતા. હાઈકોર્ટે બંને પક્ષોને સાંભળીને ચુકાદો અનામત રાખ્યો હતો. જેને આજે(૧૩ જાન્યુઆરી) જાહેર કરતા બંનેની અરજીઓ નકારી નાખી છે. મૂળ આ કેસમાં તેઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી અંગે ૨૦૨૩માં કરેલા નિવેદનોને લઈ ગુજરાત યુનિવર્સિટીએ દાખલ કરેલા માનહાનિના કેસમાં રાહત માંગી હતી.



અમદાવાદ મેજિસ્ટ્રેટ કોર્ટ બંને રાજકારણીઓ સામેના ફોજદારી માનહાનિના કેસની કાર્યવાહી ચલાવી રહી હોવાથી, કેજરીવાલે પોતાની ટ્રાયલ સંજયસિંહની ટ્રાયલથી અલગ કરવાની અરજી કરી હતી. તેમનો દાવો હતો કે તેમની ઉપર કાવતરું અથવા સામાન્ય ગુનાહિત ઈરાદાને આગળ વધારવાનો કોઈ આરોપ નથી, તેથી કોર્ટે તેમની ટ્રાયલ સંજયસિંહતની ટ્રાયલથી અલગ કરવી જોઈએ.

સંજયસિંહે પોતાની ગેરહાજરીમાં, પરંતુ પોતાના વકીલોના નિર્દેશ મુજબ પોતે નિર્દોષ હોવાનો દાવો નોંધાવતા ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC)ની કલમ ૨૫૧ હેઠળ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા તેમના વકીલની હાજરીમાં તેમની પ્લી નોંધવાના નિર્ણયને પડકાર્યો હતો. તેમણે આ નિર્ણયને અયોગ્ય ગણાવી રદ કરવાની માંગ કરી હતી.

વર્ષ ૨૦૨૩માં એક પત્રકાર પરિષદ દરમિયાન અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહે મોદીની ડિગ્રીને લઈને ગુજરાત યુનિવર્સિટી પર આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાત યુનિવર્સિટીનો આરોપ છે કે, આ નિવેદનો અત્યંત અપમાનજનક હતા અને તેનાથી યુનિવર્સિટીની વર્ષો જૂની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું છે. આ મામલે યુનિવર્સિટીએ એપ્રિલ ૨૦૨૩માં ફોજદારી માનહાનિની ફરિયાદ દાખલ કરી હતી. નોંધનીય છે કે, હાઇકોર્ટે જ્યારે વડાપ્રધાનની MAની ડિગ્રી જાહેર કરવાના સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશન (CICE)ના આદેશને રદ કર્યો, તેના એક મહિનામાં જ આ નિવેદનો કરવામાં આવ્યા હતા.

# ચાંદીમાં ફરી રૂ.૬૫૦૦નો વધારોઃ સોનું રૂ.૧.૪૦ લાખને પાર

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સોના-ચાંદીના ભાવમાં આજે, ૧૩ જાન્યુઆરીના રોજ સતત બીજા દિવસે ઐતિહાસિક ઉછાળો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના રિપોર્ટ અનુસાર, ચાંદીની કિંમતમાં એક જ દિવસમાં રૂ. ૬૫૬૬નો તોતિંગ વધારો થતા તે રૂ. ૨,૬૨,૭૪૨ પ્રતિ કિલોના ઑલટાઈમ હાઈ લેવલ પર પહોંચી ગઈ છે. નોંધનીય છે કે માત્ર બે જ દિવસમાં ચાંદી રૂ. ૨૦,૦૦૦ જેટલી મોંઘી થઈ છે.

બીજી તરફ, ૨૪ કેરેટ સોનાનો ભાવ પણ રૂ. ૩૩ વધીને રૂ. ૧,૪૦,૪૮૨ પ્રતિ ૧૦ ગ્રામની નવી સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યો છે. વર્ષ ૨૦૨૫માં સોનામાં ૭૫% અને ચાંદીમાં ૧૬૭% જેટલો જંગી વધારો નોંધાયા બાદ પણ કિંમતો અટકવાનું નામ નથી લઈ રહી. નિષ્ણાતોના મતે આગામી સમયમાં ચાંદી રૂ. ૨.૭૫ લાખ અને સોનું રૂ. ૧.૫૦ લાખને પાર કરી શકે છે.



સોના અને ચાંદીની કિંમતોમાં જોવા મળી રહેલી આ અસાધારણ તેજી પાછળ મુખ્યત્વે વૈશ્વિક પરિબળો જવાબદાર છે. ડોલરના મૂલ્યમાં ઘટાડો, રશિયા-યુક્રેન યુદ્ધ જેવી ભૌગોલિક તંગદિલી અને ચીન જેવી મધ્યસ્થ બેન્કો દ્વારા કરવામાં આવી રહેલી સોનાની જંગી ખરીદીને કારણે સોનું સતત મોંઘું થઈ રહ્યું છે.

બીજી તરફ ચાંદીના કિસ્સામાં, સોલાર પેનલ્સ, ઈલેક્ટ્રોનિક્સ અને ઈલેક્ટ્રિક વ્હીકલ્સમાં વધતી જતી ઔદ્યોગિક માંગને કારણે તે હવે માત્ર ઘરેણું મટીને એક અનિવાર્ય 'રો મટિરિયલ'(કાચો માલ) બની ગઈ છે. આ ઉપરાંત, અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ પોલિસીના ડરથી અનેક કંપનીઓ મોટા પાયે ચાંદીનો સંગ્રહ કરી રહી છે, જેના કારણે વૈશ્વિક પુરવઠામાં અછત સર્જાઈ છે અને ભાવ આસમાને પહોંચ્યા છે.

## આવતીકાલે અંક પ્રસિધ્ધ થશે નહિં

આવતીકાલે તા.૧૪-૧-૨૦૨૬ના રોજ મકરસંક્રાંતીના તહેવાર નિમિત્તે મુખ્ય સમાચાર કાર્યાલય રજા પાડશે. જેના કારણે આવતીકાલનો અંક પ્રસિધ્ધ થશે નહીં જેની વિજ્ઞાપનદાતા, એડ એજન્સી તેમજ વાંચકોએ નોંધ લેવા વિનંતી. તા.૧૫-૧-૨૦૨૬ને ગુરૂવારનો અંક નિયમિત પ્રસિધ્ધ થશે.

**-મેનેજીંગ તંત્રી**

# ઉત્તરાયણ પૂર્વે ઠંડીમાં આંશિક ઘટાડોઃ સૌરાષ્ટ્રમાં કાલે પતંગ પર્વે સારા પવનની આગાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા પાંચ દિવસથી તીવ્ર ઠંડીએ બોકાસો બોલાવ્યા બાદ આજે સંક્રાંત પૂર્વે ઠંડીમાં આંશિક ઘટાડો થવા પામ્યો છે. એક માત્ર નલિયા ૭.૬ ડીગ્રીને બાદ કરતા મોટાભાગના સ્થળોએ સવારના તાપમાનમાં ૧થી ૪ ડીગ્રીનો વધારો થયો હતો.

જો કે આજે પણ સવારમાં ઉતર પૂર્વના ઠંડા પવનોનું જોર રહેવા પામ્યું હતું. આજે સવારે રાજકોટ શહેરમાં ૧૧ કીમીની ઝડપે ઠંડા પવન સાથે લઘુતમ તાપમાન ૧૧.૧ ડીગ્રી રહેવા પામ્યું હતું. દરમ્યાન હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર આવતીકાલે પતંગ પર્વના દિવસે સવારથી બપોરે ૧૨ સુધી ૧૦થી ૧૨ કી.મી. અને બપોરે ૧૨થી ૪ દરમ્યાન ૧૫ કીમીની સરેરાશ ઝડપે પવન ફુંકાશે આથી કાલે પતંગ પ્રેમીઓને મોજ પડી જશે.



જયારે આજે સવારે અમદાવાદ ખાતે ૧૬, અમરેલીમાં ૧૨.૪, વડોદરામાં ૧૫, ભુજમાં ૧૧, દમણમાં ૧૮.૬, ડિસામાં ૧૨.૩, દિવમાં ૧૭, દ્વારકામાં ૧૪.૬, ગાંધીનગરમાં ૧૩, કંડલામાં ૧૨.૨, ઓખામાં ૧૮, પોરબંદરમાં ૧૨.૫, સુરતમાં ૧૬.૨ અને વેરાવળ ખાતે ૧૮.૭ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. વધુમાં સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ જામનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ફરી એકવાર લઘુતમ તાપમાનનો પારો ૧૦.૨ ડીગ્રી પહોંચતા ઠંડીમાં તીવ્ર વધારો થયો હતો જેની સીધી અસર માનવજીવન અને પશુ પક્ષીઓ ઉપર જોવા મળી હતી. રાત્રીના સમયે કુદરતી સંચારબંધી અને સવારે પણ સૂર્યનારાયણ દર્શન પછી પણ લોકોએ તાપણામાં તાપ કરીને જોવા મળ્યા હતા. જીલ્લા કલેકટર કંટ્રોલ રૂમમાંથી મળતી માહિતી મુજબ લઘુતમ તાપમાન ૧૦.૨ ડીગ્રી નોંધાયુ હતું. ત્યારે મહતમ તાપમાનમાં ૧.૫ ડીગ્રીના વધારા સાથે ૨૫ ડીગ્રી રહ્યું હતું. જયારે પવનની ગતિમાં ૩ કી.મી.ના ઘટાડા સાથે ૫.૫ કી.મી. રહી હતી તો શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૩ ટકા નોંધાયું હતું. મકરસંક્રાંતી પર્વે ઠંડીનું મોજુ ફરી વળ્યુ હતું. ઠંડીથી બચવા માટે ગરમ કપડાનો સહારો લીધો હતો. હાલ થીજવતી ઠંડીથી જનજીવન ઠુંઠવાઈ ગયું છે.

# ખનીજનું ગેરકાયદેસર ખનન કરતા વાહનો સામે લાલ આંખઃ જપ્તી સુધીની જોગવાઈ

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજ્યભરમાં ખનિજનું ગેરકાયદે અથવા ઓવરલોડ વહન કરતા વાહનો સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે. એક વખત વાહન ઝડપાય તો એક મહિના સુધી તે છૂટી નહીં શકે તેમજ ત્રણ વખત ઝડપાશે તો વાહન સરકાર હસ્તક લેવાનો નિર્ણય લેવાયો છે.

વર્ષે ૨૦૨૫ પૂર્ણ થતાની સાથે નવુ વર્ષ ૨૦૨૬ બેસતાં જ પહેલા અઠવાડિયામાં ખનિજ વિભાગ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી કોઈ ડમ્પર, ટ્રક અથવા ટ્રેક્ટર સહિતના વાહનો જો ગેરકાયદે ખનિજ વહન કે ઓવરલોડ માટે ઝડપાય તો તે વાહનો સરકારે નક્કી કરેલો દંડ ભરપાઈ કરીને છોડી મૂકાતા હતાં અને ફરીથી તે જ વાહનો ગેરકાયદે ખનિજ પ્રવૃત્તિમાં સક્રિય થઇ જતા હતાં. હવે આ સિસ્ટમ બંધ કરી દેવા નિર્ણય લેવાયો છે.



સૂત્રોના જમાવ્યાનુસાર, જો કોઈ વાહન ગંભીર ગેરરીતિમાં ઝડપાશે તો તે વાહન ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી જપ્ત રહેશે. એક મહિના સુધી કોઈ સમાધાન થશે નહીં. નવા નિયમો મુજબ વાહન જપ્ત થયાના ૧૦ દિવસ સુધી કોઈ અરજી સ્વીકારવામાં પણ નહીં આવે. ૩૦ દિવસ સુધી વાહનની માલિકી, ઓળખ અને તેના ઈતિહાસની તપાસ થશે બાદમાં સમાધાન કરવું કે નહીં તેનો અંતિમ નિર્ણય લેવામાં આવશે. ખનીજ વિભાગમાં ગેરકાયદે પ્રવૃત્તિ સાથે સંકળાયેલા આ વાહનો માટે બીજો પણ એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કોઈ વાહન વારંવાર આવી પ્રવૃત્તિ કરતા ઝડપાશે એટલે કે ત્રણ વખત પણ પકડાશે તો તે વાહન રાજ્યસાત (સરકાર હસ્તક) કરાશે. આ નિર્ણયથી ખનિજ વિભાગની ગેરકાયદે પ્રવૃત્તિ સાથે સંકળાયેલા તત્ત્વોમાં ફફડાટ વ્યાપ્યો છે. તેની સાથે કાયદેસર ખનનની પ્રવૃત્તિ સાથે જોડાયેલાઓમાં ખુશી પણ વ્યક્ત થઈ છે. મહત્ત્વની વાત એ છે કે આ નવા નિયમોથી ખાણ ખનિજનો સ્ટાફ હવે કોઈ વાહન સામે કાર્યવાહી કરતા ખચકાશે. આવા તત્ત્વો સાથે જોડાણ ધરાવતો સ્ટાફ હવે કાયદેસરની કાર્યવાહી કરવાના બદલે તેને પ્રોત્સાહન આપવામાં રહેશે.

# પતંગોત્સવની ઉજવણી સાથે સુરક્ષા પણ જાળવીએ

## મકરસંક્રાંતિ પર્વ દરમિયાન પતંગોત્સવની સલામત ઉજવણી માટે જામનગર જિલ્લા વહીવટી તંત્રની માર્ગદર્શિકા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, કલેક્ટર કચેરી જામનગર દ્વારા લોકોને મકરસક્રાંતિ પર્વની હાર્દિક શુભકામનાઓ સાથે આ પર્વ સાવધાની અને સુરક્ષિત રીતે ઉજવવા સાથે સાવચેતીના ભાગરૂપે કેવા પગલાં લઈ, શું કરવું અને શું ના કરવું તે અંગે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. જે મુજબ, પ્રાથમિક સારવારની કિટ તૈયાર રાખો. માણસો, પશુઓ અને વાહનોથી સાવચેત રહો. પતંગ ચગાવવાનાં ધાબાની પાળીની ઉંચાઈ પૂરતી છે કે કેમ? તેની ખાતરી કરો. ધાબાની અગાસી કરતા ખુલ્લા મેદાનમાં પતંગ ચગાવવાનું પસંદ કરો. માથા ઉપરથી પસાર થતાં



વિજળીનાં તારથી દૂર રહો.ત્રણ.સ. યાદ રાખો. સમજદારી, સદભાવ અને સાવચેતી.સિન્થેટીક વસ્તુઓ અને પ્લાસ્ટીકનાં ઉપયોગથી બનાવેલી તીક્ષ્ણ દોરી કે જે ચાઈનીઝ દોરી તરીકે ઓળખાય છે તેનો ઉપયોગ પતંગ ચગાવવામાં ન કરવો. આ દોરીથી પક્ષીઓ ઘાયલ થાય છે. લોકોને તેના ઘાવની અસર તહેવારની ઉજવણી બાદ પણ લાંબા સમય સુધી રહે છે. વિજળીના તારમાં ફસાયેલા અને સબસ્ટેશનમાં પડેલા પતંગને પાછો મેળવવાની લાલચમાં પડશો નહી. લૂઝ કપડા ન પહેરવા, માથે ટોપી પહેરવી. ગીચ રહેણાંક વિસ્તારોમાં પતંગ ચગાવવા નહી. ધારવાળી મકાન છત હોય તેવા મકાનો ઉપર પતંગ ચગાવવો નહી. પતંગ ચગાવતા બાળકોના વાલીઓ તેમની દેખરેખ રાખે. પતંગ કપાઈ જાય તો મકાનોની છત ઉપરથી પતંગ લેવા દોડવું નહી. થાંભલા કે મકાનમાં ફસાયેલા પતંગને પાછો મેળવવા પથ્થર ફેંકવા નહી.જામનગર જીલ્લામાં મકરસંક્રાંતિ પર્વ દરમિયાન કોઈપણ જગ્યાએ કોઈપણ દુર્ઘટના બને તો ઈમરજન્સી સમયમાં જામનગર જિલ્લા ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ હેઠળના ટોલ ફ્રી નં.૦૨૮૮-૨૫૫૩૪૦૪ તથા ઈમરજન્સી ૧૦૮, કરુણા અભિયાન-૧૯૬૨ હેલ્પ લાઈન નંબરનો તાત્કાલીક સંપર્ક કરી જાણ કરવા નિવાસી અધિક કલેકટર જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વી.જી.આર.સી.-૨૦૨૬ અંતર્ગત રાજકોટમાં સિરામિક સેમિનાર રૂ.૧૪૬૦ કરોડના એમ.ઓ.યુ. થયા

**મુખ્ય સમાચાર, મોરબી**

''સીરામીક કોન્કલેવ ફોર વિકસિત ભારત- ક્વોલિટી મીટ્સ ગ્લોબલ કોમ્પેટીટીવનેસ'' વિષયક સેમિનારમાં સિરામિક ઉદ્યોગમાં ગુણવત્તા અને ટકાઉપણું જાળવવા પર ભાર મુકાયો. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલની હાજરીમાં રાજ્ય સરકાર અને મોરબીના સિરામિક ઉદ્યોગો વચ્ચે રૂ.૧૪૬૦ કરોડના એમ.ઓ.યુ. થયા.

કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલની પ્રેરક ઉપસ્થિતિમાં એક્ઝિબિશન ડોમ ખાતે સિરામિક સેમિનારમાં રૂ. ૧૪૬૦ કરોડના એમ.ઓ.યુ. સંપન્ન થયા હતા. મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાયેલી રિજનલ વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સમાં મંત્રી પિયુષ ગોયલે



જણાવ્યું હતું કે સીરામીક ઉદ્યોગમાં ગુણવત્તા અને ટકાઉપણું જાળવવું એ સમયની માંગ છે. બિલ્ડીંગ ઉદ્યોગ સાથે જોડાયેલા સીરામીક ઉદ્યોગની તાકાત તેની વિશ્વસનીયતા અને ઉચ્ચ ગુણવત્તા છે ત્યારે સીરામીક ઉદ્યોગની જરૂરિયાતને પહોંચી વળવા માટે પાયાની સુવિધાઓની પૂર્તિ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મોરબી ખાતે ધમધમતા સીરામીકના ૮૦૦ પ્લાન્ટ માટે સરકાર ઉચ્ચકક્ષાની લેબોરેટરી સ્થાપવા માટે સક્રિયપણે વિચારી રહી છે. વૈશ્વિક બજારમાં ઊભી થયેલી સિરામિક ક્ષેત્રની માંગને પહોંચી વળવા માટે સીરામીક ઉદ્યોગે સતત અને સખત સંશોધનો પર વિશેષ ભાર મૂકવો પડશે. ઉચ્ચ કક્ષાના ગુણવત્તા નિયમન પ્રત્યે સીરામીક ઉદ્યોગોએ આંખ આડા કાન કરવા નહીં ચાલે. વૈશ્વિક કક્ષાની સ્પર્ધા સિરામિક ઉદ્યોગને વધુ સક્ષમ બનાવશે, '' વિકસિત ભારત, વિકસિત ગુજરાત, વિકસિત સૌરાષ્ટ''ની શરૂઆત ''વિકસિત મોરબી'' થી કરવા માટે બધા કટિબદ્ધ બનીએ, તેઓ અનુરોધ મંત્રી ગોયલે ઉપસ્થિતોને કર્યો હતો

આ સેમિનારમાં રાજ્ય સરકાર અને મોરબીના સિરામિક ઉદ્યોગો વચ્ચે રૂપિયા ૧૪૬૦ કરોડના એમ.ઓ.યુ. સંપન્ન થયા હતા. મંત્રી જીતુભાઈ વાઘાણી તથા જયરામ ગામીત, ઉદ્યોગ સચિવ મમતા વર્મા અને મોરબી સીરામીક ઉદ્યોગના અગ્રાણીઓ આ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી-ધરમપુર રોડ પર ૧૧૨ જનરક્ષક પોલીસ વાનના ચાલકે અકસ્માતની હારમાળા સર્જી, બે યુવતીઓને ગંભીર ઈજા




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ધરમપુર રોડ પર ૧૧૨ જનરક્ષક પોલીસ વાનના ચાલકે સરકારી વાહન બેફામ અને ગફલતભરી રીતે ચલાવી રીક્ષા સહિત ત્રણ વાહનોને હડફેટે લીધા હતા. આ અકસ્માતની હારમાળામાં રીક્ષા ચાલક સહિત પાંચને ઇજા પહોંચી, જેમાં બે યુવતીઓને પગમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજા થઈ હતી. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ મામલે રીક્ષા ચાલકે પોલીસ વાનના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા બી ડિવિઝન પોલીસે આરોપી પોલીસ કર્મી સામે બીએનએસ અને એમ.વી.એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મોરબી-૨ વિસ્તારના લાભનગર ખાતે ધરમપુર રોડ ઉપર ૧૧૨ જનરક્ષક પોલીસ વાનના ચાલક પોલીસકર્મીની બેદરકારીને કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ફરિયાદી જગદીશભાઈ બાબુભાઈ અગેચાણીયા ઉવ.૩૮ રહે. લાભનગર મોરબી-૨ વાળા પોતાની રીક્ષા રજી. નં. જીજે-૩૬-ડબલ્યુ-૪૪૬૨માં પરિવારજનોને લઈને કારખાનેથી ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન રાત્રીના સાડા આઠેક વાગ્યાના સુમારે સામેથી ફુલ સ્પીડમાં આવતી ૧૧૨ જનરક્ષક પોલીસ વાન રજી. નં. જીજે૩૬-જી-૦૧૯૩ના ચાલક પોલીસકર્મીએ સરકારી વાહન ગફલતભરી રીતે ચલાવી રીક્ષાને ટક્કર મારી હતી. અકસ્માતમાં રીક્ષાને પાછળથી આવતી ઇકો સ્પોર્ટ કાર રજી. નં. જીજે-૩૬-એઆર-૭૬૭૬ સાથે પણ ટક્કર વાગી હતી. આ ઘટનામાં ફરિયાદીને માથા, નાક તથા શરીરે ઈજાઓ થઈ હતી, જ્યારે તેમની દીકરી જયશ્રી તથા તેમના એરિયામાં રહેતી દીકરી મિતલને જમણા પગે ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ થઈ હતી. આ સિવાય રીક્ષામાં બેઠેલા પારૂબેન તથા સોનુભાઈ યાદવને સામાન્ય ઈજાઓ પહોંચતા તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે મોરબીની સમર્પણ હોસ્પિટલ તથા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસ વાનનો ચાલક પોલીસકર્મી નશાની હાલતમાં હોય તેમ લાગતું હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલ અકસ્માતની ઘટનાને લઈ નોંધાવવામાં આવેલ ફરિયાદને આધારે બી ડિવિઝન પોલીસે આરોપી ૧૧૨ જનરક્ષક પોલીસ વાનના ચાલક વિરુદ્ધ બીએનએસની કલમ તથા એમવી એક્ટની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી ટ્રાફિક શાખા દ્વારા ટુ-વ્હીલરોમાં સેફ્ટી ગાર્ડ લગાવાયા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મકરસંક્રાંતિ પર્વ દરમિયાન પતંગના દોરાથી થતા અકસ્માત અટકાવવા મોરબી ટ્રાફિક પોલીસે પહેલ કરી છે. જેમાં ટુ-વ્હીલરોમાં સેફ્ટી ગાર્ડ લગાવી વાહન ચાલકોને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન અપાયું હતું.

મોરબીમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ અન્વયે તથા મકરસંક્રાંતિના તહેવારોને ધ્યાનમાં રાખી મોરબી ટ્રાફિક શાખા દ્વારા ખાસ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પતંગના દોરાથી ટુ-વ્હીલર ચાલકોના ગળામાં ગંભીર ઈજા ન થાય તે માટે શહેરના અલગ અલગ પોઈન્ટ પર ટુ-વ્હીલર વાહનોમાં સેફ્ટી ગાર્ડ લગાવવામાં આવ્યા હતા. આ દરમિયાન મોરબી ટ્રાફિક શાખા પીઆઇ સહિતની ટીમ દ્વારા વાહન ચાલકોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ સલામતીના નિયમોનું પાલન કરવા સમજાવવામાં આવ્યા હતા.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા મિલકત વેરો ભરપાઈ ન કરનાર ૪ આસામીની મિલકત સીલ કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગર પાલિકાની મિલકત વેરા શાખા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત વિવિધ પ્રકારનું ટેક્સનું બાકી ઉઘરાણું બાકીદારો પાસેથી વસૂલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, જે અંતર્ગત મિલકત વેરા શાખાના કર્મચારીઓ શહેરમાં ઠેર ઠેર હાલ જે મિલકત આસામીઓ દ્વારા વેરો ભરપાઈ કરવામાં ન આવ્યો હોય તેમને તા.૦૩/૦૧/૨૦૨૬ થી વોરંટ બજવણી કામગીરી હાથ ધરવામાં આવી છે, જેમાં તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવતા ૪ મિલકત વેરો ભરપાઈ ન કરનાર કોમર્શિયલ મિલકત ધારકોની મિલકત સીલ કરવામાં આવી હતી. કુલ ૧૯ જેટલા મિલકત ધારકોને વોરંટની બજવણી કરવામાં આવી હતી જેમાં ૧૫ મિલકત ધારકોએ મિલકતવેરા શાખાને બાકી વેરો સ્થળ પર જ ભરી આપ્યો હતો, જ્યારે ૪ આસામીઓ દ્વારા મિલકત વેરો ભરપાઈ કરવામાં ન આવતા તેમની મિલકતને સીલ કરવામાં આવી હતી.

મિલકત વેરા શાખા દ્વારા મિલકત વેરો ભરપાઈ ન કરનાર આસામીઓને વોરંટ તથા સીલિંગની કામગીરી આગામી સમયમાં યથાવત રહેશે, આથી જે મિલકત ધારકોની મિલકત મોરબી મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવતી હોય, મિલકત વેરો ભરપાઈ કરવાનો



બાકી હોય તેમને સત્વરે મિલકત વેરો મોરબી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ગાંધી ચોક, તથા સિવિક સેન્ટરે સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦ તથા ૧૧ ક્લસ્ટર ઓફિસ ખાતે રજાના દિવસો સિવાય સવારે ૧૦ થી ૧.૩૦ સુધી મિલકત વેરો ભરી શકાશે જેની સર્વે મિલકત ધારકોએ નોંધ લેવી, તેમ મોરબી મહાનગર પાલિકાની મિલકત વેરા શાખાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# આગામી તા.૨૮ જાન્યુઆરીના ધ્રોલ ''તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ'' યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ''સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ''ની રાજય અને જિલ્લા કક્ષાએ મળેલી સફળતા બાદ મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યના નાગરિકોના ગામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે તાલુકા કક્ષાએ ''તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ'' યોજવાનું સૂચન કર્યું છે.

જે અનુસાર ધ્રોલ તાલુકામાં સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૮-૦૧-૨૦૨૬ના રોજ સવારના ૧૧૦૦ કલાકથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી મુખ્ય કારોબારી અધિકારી જાડાના અધ્યક્ષસ્થાને મદદનીશ કલેકટર કચેરી ધ્રોલના મિટિંગ હોલમાં યોજવામાં આવશે.

તેથી આગામી તા.૨૨-૦૧-૨૦૨૬ પહેલા અરજદારોએ તાલુકા સ્વાગત કાર્યક્રમના મથાળા હેઠળ તેમની અરજી મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, ધ્રોલને મોકલી દેવાની રહેશે. અરજી મોકલતી વખતે અરજદારોએ અત્રે જણાવેલી તમામ બાબતોનું પાલન કરવાનું રહેશે. જે અન્વયે,તાલુકા કક્ષાએ તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ, અને તે અરજીની તારીખે અનિર્ણિત રહેલી હોવી જોઈએ. તો જ આ કાર્યક્રમમાં અરજી સ્વીકારવામાં આવશે.કાર્યક્રમમાં તાલુકા કક્ષાના અધિકાર ક્ષેત્રમાં આવતા પ્રશ્નોના જ નિર્ણય લઈ શકાય, તેવા પ્રશ્નો જ હોવા જોઈએ.કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર-પુરાવા સાથે રજુઆત કરી શકશે.કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામુહિક રજુઆતો કરી શકશે નહીં.

તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં અરજી કરતાં પહેલાં કોઈપણ અરજદારે ગ્રામ્યકક્ષાના પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી કે ગ્રામ સેવકશ્રીને પ્રથમ અરજી કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોવી જોઈએ.ધ્રોલ તાલુકાના નાગરિકોને તાલુકા સ્વાગત કાર્યક્રમનો લાભ લેવા માટે મામલતદાર, ધ્રોલની યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# હળવદ પોલીસે ઈંગ્લીશ દારૂના ગુનામાં સંડોવાયેલા ઈસમને પાસા હેઠળ ડિટેઈન કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પ્રોહીબીશનના ગુનામાં સતત સંડોવાયેલા ઈસમ સામે કડક કાર્યવાહી કરતાં હળવદ પોલીસે પાસા એક્ટ હેઠળ અટકાયત કરી છે. જેમાં મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીનું પાસા વોરંટ જારી કરવામાં આવતા, તેને પકડી લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે મોકલવામાં આવ્યો છે.

મોરબી જીલ્લાના પોલીસ અધિક્ષક દ્વારા પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલા ઈસમો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરી પાસા દરખાસ્ત કરવા સૂચના આપવામાં આવી હતી. જેના અનુસંધાને હળવદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.ટી. વ્યાસ દ્વારા હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલા ઈસમ સામે પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટને મોકલવામાં આવી હતી. આ દરખાસ્તના આધારે મોરબી



જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આરોપી પ્રવિણભાઈ લાખાભાઈ પગી સામે પાસા વોરંટ ઇસ્યુ કરવામાં આવ્યું હતું. વોરંટ મળતાની સાથે હળવદ પોલીસે આરોપીની સત્વરે અટકાયત કરવા માટે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. દરમિયાન આરોપી પ્રવિણભાઈ લાખાભાઈ પગી ઉવ.૪૦ રહે. લાકડીયા પગીવાસ તા. ભચાઉ જી. કચ્છને ઝડપી લેવામાં આવ્યો હતો. આરોપીને પાસા એક્ટ હેઠળ ડિટેઈન કરી લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

# જામનગર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સ્વામિ વિવેકાનંદની પ્રતિમાને ફુલહાર અર્પણ કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સ્વામિ વિવેકાનંદની પ્રતિમાની ફુલહાર અર્પણ.રાષ્ટ્રીય યુવા દિવસ. દર વર્ષે આ દિવસે સ્વામી વિવેકાનંદની જન્મજયંતી ઉજવવામાં આવે છે. ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ જામનગર મહાનગર દ્વારા ડી.કે.વી. સર્કલ ખાતે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવામાં આવ્યો હતો.યુવા દિવસ આપણને યાદ અપાવે છે કે, સફળતા સુવિધા દ્વારા નહીં પરંતુ સંઘર્ષ અને શિસ્ત દ્વારા પ્રાપ્ત થાય છે સ્વામિ વિવેકાનંદે યુવાનોને આરામનો નહીં, શક્તિનો



સંદેશ આપ્યો હતો. ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ પણ યુવાનોને રાષ્ટ્ર કેન્દ્રીત વિચારસરણી અપનાવવા આહવાન કરે છે.આ તકે હિન્દુ પરિષદ જામનગર મહાનગર અધ્યક્ષ વિજયભાઈ બાબરીયા,ગ્રામ્ય અધ્યક્ષ રમેશભાઈ તારપરા,જામનગર વિભાગ મંત્રી ધર્મેશભાઈ ગોંડલિયા, વિભાગ વિશેષ સંપર્ક પ્રમુખ સુબ્રમણ્યમભાઈ પિલ્લે, મહાનગર ઉપાધ્યક્ષ હેમંતસિંહ જાડેજા, સહમંત્રી વિજયભાઈ વોરા, બજરંગદળ મહાનગર સંયોજક ભગીરથસિંહ વાળા, બ્રિજેશભાઈ જેઠવા, સૌરાષ્ટ્ર પ્રાંત દુર્ગાવાહિની ટોળી સદસ્ય કૃપાબેન લાલ, સત્સંગ પ્રમુખ પ્રફુલ્લાબેન અગ્રાવત, માતૃશકિત સહ સંયોજીકા ભાવનાબેન ગઢવી, સ્વરૂપબા જાડેજા, યાશિકાબેન પરમાર સહિતના અધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# જામનગરના ફલેટમાં તોડફોડ કરી પ્લોટના દસ્તાવેજની ચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નુરફળી વિસ્તારમાં રહેતા એક યુવાનના ફલેટમાં તોડફોડ કરી પ્લોટના દસ્તાવેજો ચોરી કરી ગયાની રીસામણે બેઠેલી પત્ની, સાળી સહિત ૩ સામે સીટી-એ ડીવીઝનમાં ફરીયાદ નોંધાવવામાં આવતા પોલીસ દ્વારા ફરીયાદ અનુસંધાને તપાસ હાથ ધરી છે અને એપાર્ટમેન્ટના સીસી ફુટેજ ચેક કરવા સહિતની કાર્યવાહી લંબાવવામાં આવી છે.જામનગરના નુર ફળી અલમોહમદી એપાર્ટમેન્ટ વિંગ-બી રૂમ નં. ૫૦૨ ખાતે રહેતા અને ખાનગી નોકરી કરતા ઈમરોઝ અબ્દુલ કાદરભાઇ મેતર (ઉ.વ.૩૪।) નામના યુવાનના ફલેટમાં ગત તા. ૪-૬-૨૫ના સમય દરમ્યાન આરોપીઓએ એક સંપ કરી ઈલેકટ્રીક બોર્ડ, વાયર, રૂમના બારીના કાંચ, રસોડાનું પ્લેટફોર્મમાં તોડફોડ કરી આશરે બે હજારનું નુકશાન પહોચાડયુ હતું.

તેમજ ફલેટનામાં રહેલી પલંગની પેટીમાંથી ફરીયાદીના પિતાના નામનો સેતાલુસ પાસે કંપની ગેઈટ સામે આવેલ પ્લોટના ઓરીજીનલ દસ્તાવેજ તથા આ દસ્તાવેજની કોપીની ચોરી કરી ગયા હતા. દરમ્યાન આરોપી હસને ફરીયાદીને કહેલ કે તારા દસ્તાવેજ નહીં મળે થાય તે કરી લે તેવી ધમકી આપી હતી.આથી ઈમરોઝભાઇ દ્વારા ગઇકાલે સીટી-એ ડીવીઝનમાં શબનમ ઈમરોઝ મેતર, શબાનાબેન હસન મજગુલ તેમજ હસનભાઇ મજગુલ આ ત્રણની વિરુધ્ધ જુદી જુદી કલમો મુજબ ફરીયાદ નોંધાવી હતી જેની તપાસ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. વધુમાં મળેલી વિગત મુજબ ફરીયાદી યુવાનની પત્ની શબનમ રીસામણે બેઠેલી હોય દરમ્યાન તેણીએ પોતાની બહેન અને બહેનના પતિની મદદથી ફરીયાદીના ઘરે બંધ ફલેટે આવીને નુકશાન કરી દસ્તાવેજ લઇ ગયા હતા. આ બાબતે એપાર્ટમેન્ટમાં લગાવેલા સીસી કેમેરાઓ ચકાસતા ઉપરોકત બનાવ સબંધે વિગતો જાણવા મળતા મામલો પોલીસમાં લઇ જવામાં આવ્યો છે.

# ટંકારામાં રહેણાંક મકાનમાંથી મેફેડ્રોનના જથ્થા સાથે એક ઈસમની ધરપકડ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એસ.ઓ.જી. ટીમે ટંકારા ખાતે નાર્કોટીકસ માદક પદાર્થ મેફેડ્રોન સાથે એક ઇસમને ઝડપી લીધો છે. પોલીસે રહેણાંક મકાનમાંથી મેફેડ્રોન, મોબાઇલ અને વજનકાંટો મળી કુલ રૂ.૨.૮૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પકડાયેલ આરોપી વિરુદ્ધ ટંકારા પોલીસ મથકે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

મોરબી એસ.ઓ.જી. ટીમને બાતમી મળી હતી કે હાર્દિકભાઈ નરેન્દ્રભાઈ ભાડજા રહે. હરીઓમ સોસાયટી ટંકારા વાળો પોતાના કબજા-ભોગવટાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે નાર્કોટીકસ માદક પદાર્થ મેફેડ્રોન પાઉડર રાખી ખાનગી રીતે ગ્રાહકોને વેચાણ કરે છે. આ બાતમીના આધારે એસ.ઓ.જી. ટીમ દ્વારા બાતમીવાળી જગ્યાએ રેઈડ કરવામાં આવી હતી.

રેઈડ દરમિયાન આરોપીના રહેણાંક મકાનમાંથી નાર્કોટીકસ માદક પદાર્થ મેફેડ્રોન ૮૩ ગ્રામ ૨૦૦ મિલિગ્રામ કિ.રૂ.૨,૪૯,૬૦૦/-, મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ.૩૦,૦૦૦/- તથા ડિજિટલ વજનકાંટો નંગ-૧ કિ.રૂ.૫૦૦/- મળી આવ્યા હતા. આ રીતે કુલ રૂ.૨,૮૪,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. મળેલ મુદ્દામાલના આધારે આરોપી હાર્દિકભાઈ નરેન્દ્રભાઈ ભાડજા વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ બાબતે આરોપી સામે ટંકારા પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવી એસઓજી ટીમે આગળની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# મોરબી મનપાની ફૂડ શાખા દ્વારા રજીસ્ટ્રેશન ડ્રાઈવ સાથે સામાન્ય ચેકિંગ કામગીરી હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં રજીસ્ટ્રેશન ડ્રાઈવ તથા સામાન્ય ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ગાંધીચોક, શનાળા રોડ, બસ સ્ટેન્ડ, નહેરુ ગેટ સહિતના વિવિધ વિસ્તારોમાં ફૂડ ઈન્સ્પેક્ટર દ્વારા ખાણીપીણીના ધંધાઓની સ્થળ પર તપાસ કરવામાં આવી હતી. ફૂડની ગુણવત્તા, સ્વચ્છતા તથા ફૂડ સેફ્ટી નિયમોના પાલન અંગે ચકાસણી કરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન મોરબી મહાનગરપાલિકા દ્વારા કુલ ૩૭ દુકાનધારકોની સ્થળ તપાસ કરવામાં આવી હતી. જેમાં કેટલાક ખાણીપીણીના ધંધાર્થીઓ પાસે ફૂડ લાઈસન્સ ન હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. તેવા વેપારીઓને વહેલી તકે ફૂડ લાઇસન્સ કઢાવી લેવા અંગે સૂચના આપવામાં આવી હતી. આ સાથે મહાનગરપાલિકા દ્વારા નાગરિકોના આરોગ્યની સુરક્ષા માટે આવી ચકાસણી અને માર્ગદર્શન કામગીરી આગામી




સમયમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી છે.

# જામનગરમાં કુંભારવાડા વિસ્તારમાંથી મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચનો સટ્ટો રમતો શખ્સ પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં જૂના કુંભારવાડા વિસ્તારમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડયો હતો, અને જાહેરમાં એક પાનની દુકાને મોબાઈલ ફોન પર ક્રિકેટના રનફેરનો જુગાર રમી રહેલા એક શખ્સની અટકાયત કરી લીધી છે. જેની પૂછપરછ દરમિયાન ક્રિકેટના સોદાની કપાત કરનાર મુખ્ય બુકીનું નામ ખુલ્યું છે.જામનગરના સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી વનડે ક્રિકેટ મેચ ઉપર મોબાઈલ ફોન મારફતે રનફેરનો જુગાર રમી રહેલા અસલમ નૂરમહંમદભાઈ કુરેશીની પોલીસે અટકાયત કરી લીધી છે, અને તેની પાસેથી રોકડ રકમ તેમજ મોબાઇલ ફોન વગેરે કબજે કર્યા છે.પોલીસ દ્વારા તેની વધુ પૂછપરછ કરવામાં આવતાં પોતે કુંભારવાડા વિસ્તારમાં રહેતા છોટીયા દરજી પાસે ક્રિકેટના સોદાની કપાત કરાવતો હોવાથી પોલીસે તેને ફરાર જાહેર કર્યો છે, અને શોધખોળ હાથ ધરી છે.

# વાંકાનેરના મહિકા ગામે ભાડા કરાર વગર દુકાન ભાડે આપનાર વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના મહિકા ગામ ખાતે ભાડા કરાર વગર દુકાનો ભાડે આપવાના મામલે વાંકાનેર તાલુકા પોલીસે કાર્યવાહી કરી છે. જેમાં જાહેરનામાનો ભંગ કરવાના આરોપસર દુકાન માલિક સામે બીએનએસની કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી પોલીસે આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વાંકાનેર તાલુકાના મહિકા ગામે સહયોગ હોટલ પાસે એ.આર. કોમ્પ્લેક્ષમાં પોલીસ દ્વારા ચેકીંગની કામગીરી કરવામાં આવી હતી તે દરમિયાન કોમ્પ્લેક્ષમાં આવેલી ૬ દુકાનો પૈકી દુકાન નં.૪ અને ૫ ભાડા કરાર વગર તથા તેની સંબંધિત પોલીસ મથકમાં કોઈપણ પ્રજારની જાણ કર્યા વગર ભાડે આપી હતી જેથી તાલુકા પોલીસે આરોપી દુકાન માલીક કાસમભાઈ આહમદભાઈ બાદી ઉવ.૬૨ રહે.મહીકા ગામ તા.વાંકાનેર વાળા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મકર સંક્રાંતિ /ઉત્તરાયણ

તા. ૧૪/૦૧/૨૦૨૬ બુધવાર
સમયઃ બપોરે ૩ઃ૮ (IST),
તિથિઃ પોષ વદ ૧૧
ચંદ્ર નક્ષત્રઃ અનુરાધા
યોગ : ગંડ
કરણ : બાલવ
ચંદ્ર રાશી : વૃશ્ચિક
કુંડળીમાં લગ્ન : વૃષભ

સંક્રાંતિ શબ્દનો સરળ અર્થ સમજીએ તો પસાર થવું, ભ્રમણ કરવું, પ્રવેશ કરવું જેવી બાબતથી કરી શકાય જે સૂર્યની રાશિ પરિવર્તન બાબતમાં વધુ પ્રચલિત છે,

સૂર્યનું ગણિત પણ ખૂબ મહત્વ સુચુક છે જે ઘણી રીતે ઉપયોગી બને છે જેમાં વધુ વ્યવહારુ પ્રચલન જ્યોતિષશાસ્ત્ર અને વાસ્તુશાસ્ત્રમાં જોવા મળે છે ઉપરાંત ખગોળશાસ્ત્રમાં પણ ઘણું જાણવા મળે છે

ઉત્તરાયણ એટલે સૂર્યનું ઉત્તર તરફનું પ્રયાણ છે જે છ રાશી મકર રાશિ થી મિથુન રાશિ સુધી માં હોય છે, બે અયન હોય છે એક ઉત્તર અને બીજું દક્ષિણ, એટલે સૂર્ય જ્યારે મકર રાશિમાં પ્રવેશે ત્યારે મકર સંક્રાંતિ ઉપરાંત ઉત્તરાયણ તરીકે પણ ઓળખીએ છીએ દક્ષિણ અયનમાં સૂર્ય કર્ક રાશિ થી ધન રાશિમાં ભ્રમણ કરે છે, નિરયન મુજબ સૂર્ય મકર રાશિમાં તા ૧૪ (આસપાસ) જાન્યુઆરી અને સાયન રીત મુજબ તા ૨૨ (આસપાસ) ડિસેમ્બર ના દિવસે ગણતરી મુજબ થાય છે એટલે નિરયન કરતાં સાયનમા સૂર્ય અગાઉ રાશિ પ્રવેશ કરે છે, ફળ કથનમા સાયન અને નિરયન સૂર્ય વિદ્વાનો પોતાના જ્ઞાન અનુભવ દ્વારા કરતા હોય છે જેમાં ખાસ ઋતુ બાબત સાયન, તો અન્ય બાબત નિરયન.,

સંક્રાંતિના ફળ કથનમા સંક્રાંતિ સમયની કુંડળી, વાર, તિથિ, નક્ષત્ર, યોગ, કરણ વગેરેની બાબતોનો અભ્યાસ કરી કેટલીક બાબતો જેવી કે ઋતુ, ખેતી, આબોહવા, વેપારમાં તેજી મંદી, રાજકીય પરિસ્થિતિ, સરકારી નીતિ વગેરેનું ફળકથન કરાય છે,

સૂર્ય ભગવાન ના ભક્તો માટે મકર સંક્રાંતિ નો દિવસ તેમની ભક્તિ કરવા માટે ઉત્તમ માનવામાં આવે છે તેમજ ક્યારેક કોઈ માર્ગદર્શન મુજબ પણ ભક્તિ કે ઉચિત કાર્ય કરવામાં આવે છે.

મકર સંક્રાંતિ ના દિવસે દાન કરવાથી પણ વિશેષ ફળની પ્રાપ્તિ થાય છે જે અનુસાર ભક્તો યથા શક્તિ મુજબ દાન કરતા હોય છે હોય છે ઘણા વિદ્વાનો રાશિ મુજબ દાન કરવાનું પણ જણાવતા હોય છે.

મેષઃ ઘઉં
વૃષભઃ ભોજનની વસ્તુ
મિથુનઃ મગ
કર્કઃ ફળ
સિંહઃ ધન
કન્યાઃ વસ્ત્ર
તુલાઃ શેરડી
વૃશ્ચિકઃ ગોળ
ધનઃ અનાજ
મકરઃ ભોજન સામગ્રી
કુંભઃ કાળા તલની વસ્તુ
મીનઃ સફેદ તલની વસ્તુ

ઉપરાંત યથાશક્તિ મુજબ કોઈ ને જરૂરિયાત મુજબ અને પશુ પંખી માટે પણ અન્ન યોગ્ય કહેવાય છે

સંક્રાંતિ ના દિવસે સૂર્ય પૂજા ઉપરાંત દાન નું મહત્વ હોય છે જેમાં મકર સંક્રાતિ દરમિયાન વિશેષ જોવા મળે છે કેમકે સૂર્ય ભગવાન આ સમયમાં ઉત્તર તરફ પ્રયાણ કરતા હોય છે

ડો. હેમીલ.પી.લાઠીયા (જ્યોતિષાચાર્ય)

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ રાજકોટ-કચ્છ અંતર્ગત તેલીબિયા ક્ષેત્રમાં રહેલી વિપુલ તકો વિશે સેમિનાર યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ રાજકોટ - સૌરાષ્ટ્ર-કચ્છ'ના ભાગરૂપે મારવાડી યુનિવર્સિટી, રાજકોટ ખાતે ""AgriValue - The Oilseed Opportunity"" (એગ્રીવેલ્યુ - તેલીબિયા ક્ષેત્રમાં રહેલી તકો) વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૃષિ નિષ્ણાંતો, ઉદ્યોગ સાહસિકોએ સૌરાષ્ટ્ર અને કચ્છના કૃષિ અર્થતંત્રને વૈશ્વિક સ્તરે લઈ જવા માટે મંથન કર્યું હતું.

સેમિનારની શરૂઆતમાં ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગના અગ્ર સચિવશ્રી આર.સી. મીના દ્વારા ઉપસ્થિત મહાનુભાવોઓ અને પ્રતિનિધિશ્રીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે ગુજરાતના કૃષિ ક્ષેત્રમાં તેલીબિયાના મહત્વ અને સરકારની ભવિષ્યની યોજનાઓ અંગે જાણકારી આપી હતી.

ઇન્ડિયન ઓઈલસીડ્સ એન્ડ પ્રોડ્યુસ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન ઋતુપર્ણ ડોલે દ્વારા 'સીડ્સ ઓફ પ્રોસ્પેરિટી' વિષય પર વક્તવ્ય આપવામાં આવ્યું હતું. તેમણે તેલીબિયાની ક્ષમતાને ખરા અર્થમાં ઉજાગર કરવા અને ગુણવત્તાયુક્ત બિયારણના મહત્વ પર ભાર મૂક્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે તેલીબિયાંની નિકાસમાં આર્જેન્ટીનાના મોડલ વિશે CIARA-CECના પ્રમુખગુસ્તાવો ઈડિગોરાસએ વર્ચ્યુઅલી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક નિકાસ માટેના જરૂરી પગલાંઓ વિશે સૌને માહિતગાર કર્યા હતા. ICAR-ગ્રાઉન્ડનટ રિસર્ચના ડીરેક્ટર ડૉ. સંદીપ બેરાએ વાતાવરણના પરિવર્તન સામે ટકી શકે તેવી ખેતી અને ગુજરાતમાં તેલીબિયાની સુરક્ષા વિશે ટેકિન્કલ માહિતી આપી હતી.

''અન્વેષણ''ના સ્થાપક અને CEO કુલદીપ પારેવાએ ટકાઉ ભવિષ્ય માટે તેલીબિયા ક્ષેત્રે થઈ રહેલા નવા સંશોધનો અને એગ્રી-ઈનોવેશન વિશે પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. તેલીબિયા ક્ષેત્રના વિકાસ અને ટેકનેલોજીના આદાન-પ્રદાન માટે વિવિધ સંસ્થાઓ વચ્ચે MoU થયા હતા.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ અંતર્ગત આયોજિત સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય તેલીબિયા પાકોના ઉત્પાદનથી લઈને તેના મૂલ્યવર્ધન (Value Addition) સુધીની સફરમાં રહેલી આર્થિક સંભાવનાઓને ઉજાગર કરવાનો હતો. સૌરાષ્ટ્ર કચ્છ સહિતના વિસ્તારોમાં મગફળી, એરંડા વગેરે તેલીબિયાના પાકોનું વાવેતર થાય છે. આ તેલીબિયાના પાકોના સીધા જ વેચાણ કરતાં ખેડૂતો દ્વારા જો મૂલ્યવર્ધન કરીને વેચાણ કરવામાં આવે તો તેના દ્વારા નોંધપાત્ર આવક રળી શકાય છે. આ સેમિનારમાં તેલીબીયા પાકોમાંથી કેવી રીતે તેલ અને અન્ય બાય-પ્રોડક્ટ્સ બનાવીને વધુ નફો મેળવી શકાય તે અંગે માહિતી આપવામાં આવી હતી. આધુનિક ટેકનેલોજીથી ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટે આ સેમિનારમાં નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલ્ડ-પ્રેસ્ડ ઓઈલ-ઘાણીનું તેલ અને આધુનિક રિફાઈનિંગ પ્રોસેસ વિશે માહિતી આપવામાં આવી હતી, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં ભારે માંગ છે. માત્ર મૂલ્યવર્ધન જ નહીં પણ કેવી રીતે વિશ્વના દેશો સુધી સંલગ્ન પ્રોડક્ટ પહોંચાડી શકાય તે માટેની લોજિસ્ટિક્સ સુવિધાઓ પર ચર્ચા થઈ હતી. સેમિનાર દરમિયાન તેલીબિયા પ્રોસેસિંગ યુનિટ્સ સ્થાપવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.

સેમિનારના અંતે સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર એમ.પી. પંડ્યા દ્વારા તમામ વક્તાઓ, અધિકારીઓ અને ઉપસ્થિત મહાનુભાવોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં રૂ. ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમ.ઓ.યુ. થયા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજીત બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ - કચ્છ અને સૌરાષ્ટ્રનું આજે સમાપન થયું. આ કોન્ફરન્સ દરમિયાન રૂપિયા ૫.૭૮ લાખ કરોડના રોકાણના ૫૪૯૨ સમજૂતિ કરાર થયા હોવાની જાહેરાત કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ કરી હતી.

મારવાડી યુનિ. ખાતે સમાપન સમારોહમાં પ્રાસંગિક ઉદબોધન આપતા રાજ્યના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છને વિકસિત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક નક્કર રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં જ્યારે વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી હતી, ત્યારે તેમને અનેક ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેમના અડગ વિશ્વાસ અને વિઝનને કારણે આજે ગુજરાત અને ભારત વિકાસની હરણફાળ ભરી રહ્યા છે. મંત્રીએ ગૌરવ સાથે ઉમેર્યું હતું કે, વિશ્વભરના પ્રતિષ્ઠિત ઔદ્યોગિક એકમો જેમને મળવા આતુર હોય છે, તેવા આપણા વડાપ્રધાનની આ રિજનલ કોન્ફરન્સમાં ઉપસ્થિતિ દર્શાવે છે કે તેમના માટે સૌરાષ્ટ્ર અને કચ્છનો વિકાસ કેટલો મહત્વપૂર્ણ છે.

મંત્રીએ વાઈબ્રન્ટ ગુજરાતના ઐતિહાસિક પ્રવાસ અને સફળતાના આંકડા રજૂ કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત દરમિયાન માત્ર રૂ. ૬૬ હજાર કરોડના ૮૦ એમ.ઓ.યુ. થયા હતા, તેની સામે આજે રાજકોટના આંગણે યોજાયેલી આ રિજનલ કોન્ફરન્સમાં જ રૂ. ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમ.ઓ.યુ. સંપન્ન થયા છે. આ આંકડાઓ અને અનેક દેશોની સહભાગીતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પરનો અતૂટ ભરોસો દર્શાવે છે. આત્મનિર્ભર ભારત, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને મેઈક ઇન ઈન્ડિયા જેવા આયામો વડાપ્રધાનના નેતૃત્વમાં સાકાર થઈ રહ્યા છે, જેનો સીધો લાભ ગુજરાતના ઉદ્યોગપતિઓ અને એકમોને મળશે.

કોન્ફરન્સ દરમિયાન વિવિધ સેક્ટરોમાં થયેલી ઊંડાણપૂર્વકની ચર્ચાઓ ઉદ્યોગો માટે માર્ગદર્શક સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા મંત્રીએ વધુમાં વધુ ઔદ્યોગિક એકમો અને નાગરિકોને આગામી તારીખ ૧૫ જાન્યુઆરી સુધી આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. અંતમાં, તેમણે આશા વ્યક્ત કરી હતી કે જ્યારે ભારત વિશ્વગુરૂના સ્થાને બિરાજશે ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ તેના મુખ્ય ગ્રોથ એન્જિન તરીકે ઊભરી આવશે.

આ તકે રાજ્યના પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર કચ્છની ક્ષમતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરનાર મોટું પ્લેટફોર્મ બની છે.

વિવિધ ઐતિહાસિક કિસ્સાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, કચ્છ અને સૌરાષ્ટ્રના લોકોની નસેનસમાં ઉદ્યોગ સાહસિકતા ભરેલી છે. સૌરાષ્ટ્રના નાવિકો એક સમયે દુનિયાના દરિયા પર રાજ કરતા હતા.

મંત્રીએ સૌરાષ્ટ્રના વિવિધ ક્ષેત્રની ઔદ્યોગિક વિશેષતાઓનો પરિચય આપતા કહ્યું હતું કે, રાજ્યના દરેક વિસ્તારમાં કોઈને કોઈ કૌશલ્ય ભરેલું છે અને તેમાં સૌરાષ્ટ્રનું પ્રભુત્વ છે.

તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પોરબંદર, દ્વારકા અને સોમનાથ બેલ્ટ દુનિયાનું સૌથી મોટું પ્રવાસન ક્ષેત્ર બનવા જઈ રહ્યું છે. દેશ અને રાજ્યમાં સેમી કન્ડક્ટર ક્ષેત્રની પ્રગતિ અંગે કહ્યું હતું કે, ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૨૭માં સેમી કન્ડક્ટર ક્ષેત્રનું હબ બનશે.

આ તકે તેમણે કચ્છ અને સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોને ન્યૂ એજ ટેકનેલોજી ક્ષેત્રમાં રોકાણ કરીને આગળ વધવા આહવાન કર્યું હતું.

ઉદ્યોગ સચિવ મમતા વર્માએ સ્વાગત પ્રવચનમાં સૌરાષ્ટ્ર કચ્છની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સને ગૌરવપૂર્ણ ક્ષણ ગણાવતા કહ્યું હતું કે, છેલ્લાં બે દિવસમાં ''સ્કેલ અને સ્કીલ''ના સમન્વય સાથે ઉદ્યોગ સાહસિકોને મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે. બીટુબી, બીટુજી, રિવર્સ બાયર્સ સેલર્સ મિટ, ૫૦થી વધુ સેમિનાર સહિતના આયોજન થકી યુવા પેઢીને પણ નવી દિશા મળી છે.

આ તકે ઉદ્યોગ કમિશનર શ્રી પી.સ્વરૂપે પ્રેઝન્ટેશના માધ્યમથી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની સફળ યાત્રાની તલસ્પર્શી વિગતો રજૂ કરી હતી.

મારવાડી યુનિવર્સિટીના સ્થાપક કેતન મારવાડીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સે સાબિત કર્યું છે કે ભારત આજે વિશ્વમંચ ઉપર નવી ઊંચાઈઓને આંબી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કોન્ફરન્સમાં ૨૪ દેશના પ્રતિનિધિશ્રીઓ અને ૪૦૦૦ ઉદ્યોગ સાહસિકોની ઉપસ્થિતિ એ ઐતિહાસિક ઉપલબ્ધિ છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ''Kutch & Saurashtra : Anchoring Gujarat's vision'' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ઉત્તમ પ્રદર્શન કરનારા વિવિધ એમ.એસ.એમ.ઈ.ના ઉદ્યોગકારો, હસ્તકલા કારીગરો, ઉદ્યોગ વિભાગનું પુરસ્કાર સાથે સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે મારવાડી યુનિવર્સિટીના સંચાલકોનું આભાર સાથે બહુમાન કરાયું હતું.

# હાલો પટેલભાઈની જાનમાં : અમદાવાદમાં સફળતાપુર્વક રજૂ થયા બાદ હવે રાજકોટમાં



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

બ્લોકબસ્ટર ફેમીલી ડ્રામા ''હાલો પટેલભાઈની જાનમાં'' અમદાવાદમાં ઠાકોરભાઈ દેસાઈ હોલમાં શિયાળાની ફૂલગુલાબી ઠંડીમાં હકડેઠઠ પ્રેક્ષકોની ભીડ વચ્ચે સફળતાપુર્વક રજુ થયા બાદ હવે ગુજરાતના વિવિધ શહેરોમાં ચાલુ જાન્યુઆરી મહિનો અને ફેબ્રુઆરીમાં ધૂમ મચાવવા જઈ રહ્યું છે. સંપૂર્ણપણે શુદ્ધ અને પ્રત્યેક ગુજરાતીને દરેક ક્ષણે સતત હાસ્ય રસમાં તરબોળ કરવાની સાથે સાથે સમાજમાં ઘટતી ઘટનાનો તાદદ્રશ્ય ચિતાર રજૂ કરતી આ નાટકની સ્ક્રીપ્ટ જેવા સાથે તેવા બનવાની પ્રેરણા આપીને અઘટિત કૃત્યો કરનારને બરાબર પાઠ ભણાવવો જ જોઈએ તેવી શીખ પણ આપે છે.

ક્રિષ્ના પંડ્યા અને આરતી સોની પ્રોડક્શનનું આ બહુ ચર્ચિત નાટક પળે પળે પ્રેક્ષકોની દાદ માગતું રહે છે અને સતત તાલીઓના ગડગડાટ વચ્ચે વન્સ મોરની ચિચિયારીઓ તો ચાલુ જ રહે છે. નાટકના પ્રત્યેક કલાકારનો અભિનય કાબિલે દાદ હોવાની સાથે સાથે નાટકના અંત સુધી પ્રેક્ષકોને જકડી રાખે તેવી તેની સ્ક્રીપ્ટ પણ અદભૂત છે.

નાટકના પ્રોડ્યુસર આરતીબેન સોનીએ જણાવ્યું હતું કે, દ્વીઅર્થી સંવાદોથી જોજનો દૂર આ નાટક શુદ્ધ શાકાહારી અને પરિવારના તમામ સભ્યો સાથે બેસીને જોઈ શકાય તેવું છે. રાજકોટમાં આ મહિનાના અંતમાં તેના ચાર જેટલા શો યોજાશે અને આગામી બે મહિનામાં ગુજરાતના તમામ નાણા મોટા શહેરો ઉપરાંત મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે પણ આ નાટકનો શો ભજવશે. ટૂંક જ સમયમાં આ નાટકના સો અંક પુરા થશે તેમ અત્યારે લાગી રહ્યું છે.

# મોરબી જન્મ-મરણ પ્રમાણપત્રમાં સુધારાની કામગીરી હાલ પૂરતી સ્થગિત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની જન્મ-મરણ શાખા દ્વારા સિવિક સેન્ટર ખાતે પ્રમાણપત્રોની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ગુજરાત સરકારના સી.આર.એસ. પોર્ટલ મારફતે ડિજિટલ પ્રમાણપત્ર આપવામાં આવે છે. ત્યારે ચાર મહિનામાં હજારો જન્મ અને મરણ પ્રમાણપત્રો ઈશ્યુ કરાયા છે. હાલ નાગરિકોને જન્મ-મરણ પ્રમાણપત્રોમાં સુધારા માટે થોડી રાહ રાખવા અપીલ કરવામાં આવી છે.

મોરબી મહાનગરપાલિકાની જન્મ-મરણ શાખા દ્વારા હાલ સિવિક સેન્ટર, મોરબી ખાતે જન્મ તથા મરણ પ્રમાણપત્ર કાઢવાની કામગીરી સુચારૂ રીતે કરવામાં આવી રહી છે. ગુજરાત સરકાર દ્વારા તા. ૧/૯/૨૦૨૫ થી સી.આર.એસ. પોર્ટલ મારફતે ડિજિટલ જન્મ-મરણ પ્રમાણપત્ર આપવાની વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી છે. તેના અનુસંધાને મોરબી મહાનગરપાલિકા દ્વારા તા. ૧/૯/૨૦૨૫ થી ૩૧/૧૨/૨૦૨૫ દરમિયાન કુલ ૫૯૮૧ જન્મ પ્રમાણપત્ર તથા ૮૮૨ મરણ પ્રમાણપત્ર ઈશ્યુ કરવામાં આવ્યા છે. મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં થયેલ જન્મ અને મરણની નોંધણી તથા પ્રમાણપત્ર માટેની કામગીરી હાલ સિવિક સેન્ટર, મોરબી ખાતે ઓફિસ સમય દરમિયાન જાહેર રજાના દિવસો સિવાય કરવામાં આવે છે. ત્યારે મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને સુવિધાજનક રીતે ડિજિટલ પ્રમાણપત્ર ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. સાથે જ ઇ-ઓળખ પોર્ટલ મારફતે આપવામાં આવેલ પ્રમાણપત્રમાં બાળકનું પૂરું નામ કે અન્ય કોઈ સુધારા માટે હાલ ઇ-ઓળખ પોર્ટલનો ડેટા સી.આર.એસ. પોર્ટલમાં ટ્રાન્સફર કરવાની કામગીરી રાજ્ય કક્ષાએથી ચાલુ હોવાનું જણાવવામાં આવ્યું છે. આ ડેટા ટ્રાન્સફરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રમાણપત્રમાં જરૂરી સુધારા માટે સંબંધિત કચેરીનો સંપર્ક કરવા મોરબી મહાનગરપાલિકાએ નાગરિકોને અપીલ કરી છે.

# વી.જી.આર.-એક્ઝિબિશનમાં રિવર્સ બાયર્સ-સેલર્સ મીટમાં રૂ. ૫૦૦ કરોડના નિકાસ અંગે થઈ વ્યાવસાયિક પૂછપરછ

## અમેરિકા, કેનેડા સહિત ૨૩ દેશોના ૫૩ ખરીદદારો અને ૧૮૦૦થી વધુ સ્થાનિક વેચાણકારો આવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનમાં હોલ નંબર ૧માં ''રિવર્સ બાયર્સ સેલર્સ મીટ'' આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. અહીં ભારતમાંથી વિવિધ ઉત્પાદકો પાસેથી વસ્તુઓ ખરીદવા માટે ૨૩ દેશોમાંથી ૫૩ જેટલા આંતરરાષ્ટ્રીય ખરીદદારો આવ્યા છે. જેને પોતાના ઉત્પાદનો વેચવા માટે રાજ્યમાંથી ૧૮૦૦થી વધુ ઉત્પાદકો ઉમટ્યા છે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઇઝેશનના એડિશનલ ડાયરેક્ટર જનરલ શ્રી સુવિધ શાહના જણાવ્યા પ્રમાણે, આ રિવર્સ બાયર્સ-સેલર્સ મીટ થકી સ્થાનિક ઉત્પાદકોને પોતાના ઉત્પાદનો સીધા વિદેશમાં વેચવા માટેનું મોટું પ્લેટફોર્મ મળ્યું છે. જેના કારણે તેઓને મોટો આર્થિક ફાયદો થનાર છે.

ગુજરાત સરકારના ઈન્ડેક્સ્ટ-બી, ઉદ્યોગ કમિશનર, એમ.એસ.એમ.ઈ., રાઈઝિંગ એન્ડ એક્સેલરેટિંગ એમ.એસ.એમ.ઈ પર્ફોર્મન્સ, ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઇઝેશન, કેમિકલ એન્ડ એલાઈડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ, ગુજરાત જ્વેલરી પ્રમોશન એન્ડ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ઉપક્રમે આ મીટનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મીટમાં હેન્ડલૂમ, હેન્ડીક્રાફ્ટ, ટેક્સટાઈલ, એગ્રી ફૂડ, ટાઈલ્સ સિરામિક, એન્જિનિયરિંગ, ઓટો, જેમ્સ જ્વેલરી જેવા ક્ષેત્રોને કેન્દ્રમાં રાખવામાં આવ્યાં છે. આ મીટમાં યુ.એસ.એ., કેનેડા, યુરોપ, રશિયા, ગલ્ફના દેશો, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને મધ્ય એશિયાના દેશો મળીને કુલ ૨૩ દેશોમાંથી ૫૩ આંતરરાષ્ટ્રીય ખરીદદારો જ્યારે ૨૨ સ્થાનિક ખરીદદારો આવ્યા છે. જ્યારે રાજ્યભરમાંથી ૧૮૦૦થી વધુ વેચાણ માટે ઉત્સાહ દાખવ્યો છે.

ખરીદદારો અને વેચાણકારો વચ્ચે ૨૨૦૦થી વધુ બેઠકો યોજવામાં આવી છે અને બે દિવસમાં ૧૦૦૦થી વધુ એમ.ઓ.યુ. થયા છે. આ સાથે આશરે રૂ. ૫૦૦ કરોડના નિકાસની વ્યાવસાયિક માગ પણ આવી છે.

# ઉના પોલીસ સ્ટેશનમાં તહેવાર લઈને શાંતિ સમિતિની બેઠક યોજાઈ

## ટ્રાફિકને લઈને સમાજના આગેવાનો સાથે ચર્ચા કરવામાં આવી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના પોલીસ સ્ટેશન ખાતે આગામી આવનારા તહેવારોને ધ્યાનમાં રાખી શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક પી.આઈ. જે.જે. પરમારની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠક દરમિયાન પી.આઈ. પરમારે તહેવારો દરમ્યાન શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે તમામ સમાજના આગેવાનોને સહકાર આપવા અપીલ કરી હતી. નાના-મોટા વિવાદ કે ઝગડા સર્જાય તો તેને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા તેમજ જરૂરી હોય ત્યારે તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત ટ્રાફિક વ્યવસ્થા અંગે પણ પી.આઈ. દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને ઉનાની જનતાને ટ્રાફિક નિયમોનું પાલન કરવા વિનંતી કરવામાં આવી હતી. સંક્રાંતિના તહેવારને લઈ ખાસ કરીને પતંગ ઉડાડતી વખતે સુરક્ષા બાબતે ધ્યાન રાખવા, સેફ્ટી સાધનોનો ઉપયોગ કરવા તથા પતંગના દોરા બાબતે સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી હતી. બેઠકમાં કોળી સેના આગેવાન મનોજભાઈ બાંભણીયા, મુસ્લિમ સમાજના આગેવાન યુસુફભાઈ તબક્કલ , માસુમભાઈ તેમજ યાદગાર બાપુ વકીલ રામજીભાઈ પરમાર, તેમજ હરિભાઈ બોઘાભાઈ સોલંકી તાલુકા માજી પ્રમુખ તેમજ આગેવાન સહિત વિવિધ સમાજોના આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય હેતુ તહેવારો દરમિયાન ઉનામાં શાંતિ, સલામતી અને ભાઈચારાની ભાવના જળવાઈ રહે તે રહ્યો હતો. અને આ આ બેઠકમાં આવનારી મકરનું સંક્રાંતિના તહેવારને લઈને સમગ્ર તાલુકામાં પોલીસનો પૂરતો બંદોબસ્ત રહેશે તેવું જણાવ્યું હતું

# શ્યામલાલજીની હવેલી કાલે ખીચડાનો પ્રસાદ અપાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રની અતિ પ્રાચીન શ્રી શ્યામલાલજીની હવેલીમાં આવતીકાલે મકરસંક્રાંતિ ઉત્સવ હોવાથી રાજભોગ નો સવારે દર્શન સમય ૮ઃ૨૦ થશે અને ખીચડાનો મહાપ્રસાદ બડાશે બીજા દિવસે સાંજે ૬ થી ૮ ગોપી મંડળના કીર્તન નું આયોજન કરેલું છેસમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે શ્રી શ્યામ લાલજી ની હવેલી પંચનાથ મંદિર મેઈન રોડ જય સીયારામ પેંડાવાળા ની સામે રાજકોટ હવેલી નંબર- ૮૫૧૧૭૬૩૭૬૩

# રખડતા કુતરાઓના આતંક મુદ્દે સામાજિક કાર્યકરોની મોરબી મનપા કમિશ્નરને લેખિત રજૂઆત

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી શહેરમાં રખડતા કુતરાઓના વધતા આતંક સામે સામાજિક કાર્યકરોએ અવાજ ઉઠાવ્યો છે. મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થવા છતાં કુતરાઓ પકડવાની એક પણ ગાડી ઉપલબ્ધ નથી. ત્યારે ડોગ બાઇટના વધતા કેસો લોકોની જીવસલામતી માટે ગંભીર ચિંતા બની છે. હાલ આ મુદ્દે તાત્કાલિક પગલા લેવા મોરબીના સામાજિક કાર્યકરોએ મનપા કમિશ્નરને લેખિત રજૂઆત કરી છે.

મોરબીના સામાજિક કાર્યકરો રાજુભાઈ દવે, જગદીશભાઇ બાંભણીયા, રાણેવાડીયા દેવેશ મેરૂભાઈ, ગીરશભાઈ છબીલભાઈ કોટેચા વિગેરે દ્વારા મહાનગરપાલિકા કમિશ્નરને લેખિત રજૂઆત કરી મહાનગરપાલિકાની ઘોર બેદરકારી સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. રજૂઆતમાં જણાવ્યા મુજબ, મોરબી મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થયું હોવા છતાં રખડતા કુતરાઓ પકડવા માટે આજદિન સુધી એક પણ ગાડી વસાવવામાં આવી નથી. ગાયો અને ખુટીયાઓ પકડવાની વ્યવસ્થા હોવા છતાં કુતરાઓ માટે કોઈ અસરકાર પગલા ન લેવાતા લોકોમાં ભારે અસંતોષ ફેલાયો છે. મહાનગરપાલિકા કચેરીના ગ્રાઉન્ડમાં પણ કુતરાઓ ખુલ્લેઆમ ફરતા જોવા મળે છે, જે ગંભીર પરિસ્થિતિ દર્શાવે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન મોરબી શહેરમાં કુલ ૪૫૭૯ ડોગ બાઇટના કેસ નોંધાયા હતા, જ્યારે સમગ્ર વર્ષ દરમિયાન અંદાજે ૬૦૦૦થી વધુ કુતરાના બચકાના કેસ સામે આવ્યા હોવાનું જાણવા મળે છે. વધુમાં, સને ૨૦૨૬ના માત્ર આઠથી દસ દિવસમાં જ ૨૫૦ ડોગ બાઇટના કેસ નોંધાતા સ્થિતિ વધુ ભયજનક બની છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા પણ રાજ્ય સરકારોને શ્વાનોના આતંકને અંકુશમાં લેવા સૂચનાઓ આપવામાં આવી છે, છતાં મોરબી મહાનગરપાલિકા દ્વારા કોઈ અસરકાર કામગીરી થતી નથી તેવી ફરિયાદ કરવામાં આવી છે.

આ સાથે સામાજિક કાર્યકરોએ માંગ કરી છે કે તાત્કાલિક રખડતા કુતરાઓ પકડવા માટે ખાસ ટીમની નિમણૂક કરવામાં આવે. નિયમ મુજબ વેકસિનેશન અને સ્ટરિલાઈઝેશનની પ્રક્રિયા અમલમાં મુકવા માટે જરૂરી પ્રશિક્ષિત સ્ટાફ, સાધનો અને વાહનો ઉપલબ્ધ કરાવવામાં આવે. જો સમયસર પગલા નહીં લેવામાં આવે તો આવનારા સમયમાં વધુ ગંભીર ઘટનાઓ સર્જાઈ શકે છે, જેના માટે સંપૂર્ણ જવાબદારી મહાનગરપાલિકાની રહેશે તેવી ચેતવણી પણ રજૂઆતમાં આપવામાં આવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT



# પતંગ બજારમાં લાવ... લાવ...





તસવીર : ગૌરવ લશ્કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતીકાલે મકરસંક્રાંતીનો પર્વ ગુજરાત સહિત દેશના મહતમ રાજયમાં ઉલ્લાસભેર ઉજવાશે. ઉતરાયણના પર્વ પૂર્વે આજે રાજકોટ શહેરની સદર બજારમાં ધૂમ ગ્રાહકી નિકળી હતી. ગત વર્ષની તુલનામાં આ વર્ષે પતંગ-દોરીના ભાવ સાથે ઉંધયુ-જલેબીના ભાવમાં પણ ૨૦ ટકાનો વધારો નોંધાયો છે જોકે રંગીલા રાજકોટવાસીઓએ મોંઘવારીને બાજુએ મુકી પતંગ તેમજ અન્ય ચીજ વસ્તુ ખરીદવા લાંબી કતારો લગાવી છે. આ વર્ષે પવનદેવ પણ માફકસર રહેવાના હોય તેવી આગાહી કરાઇ હોય. પતંગરસીયાઓમાં આનંદ છવાયો છે. શહેરમાં વિવિધ વિસ્તારોમાં વેપારીઓ દ્વારા મંડપ બાંધી ઊંધિયું, જલેબી અને ફાફડાના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. લાખો ગ્રાહકોની માંગને પહોંચી વળવા માટે વેપારીઓએ બે દિવસ અગાઉથી જ ઊંધિયું-જલેબી બનાવવાની તૈયારી શરૂ કરી દીધી છે.

## જેતપુરમાં જયરાજ પ્રિન્ટ કારખાના પાસે જુગાર રમતા પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા

### ભુપગઢ ગામની સીમમાં છ જુગારીઓને દબોચી લેતી આજીડેમ પોલીસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુર સ્થાનિક પોલીસે ભોજાધાર વિસ્તારમાં કારખાના પાસે જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને દબોચી લઇ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે આજીડેમ પોલીસે ભુપગઢ ગામની સીમમાં નદી કાંઠે જુગાર રમતા છ શખ્સોને દબોચી લઇ રૂ.૧૩૦૦૦થી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુર સીટી પોલીસ મથકના પીઆઇ એ.ડી.પરમારની સુચનાથી એએસઆઇ ભાવેશભાઇ, મીલનસિંહ, હેડ કોન્સ. સાગરભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, ભોજાધાર વિસ્તારમાં આવેલ જયરાજ પ્રિન્ટ નામના કારખાનાની બાજુમાં કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા જુગાર રમતો સાગર ચુનીલાલ ગોહેલ, અરમાન આસીફ અનસારી, રમેશ મોહન ધરજીયા, સંજય ઉર્ફે સંકી હસમુખ કરેચા અને સહજાનંદ નબીર રસુલ અનસારી સહિત પાંચ શખ્સોને દબોચી લઇ જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧૧૬૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે બીજા બનાવમાં આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ. દેવાંગભાઇ પાલા તથા ડી.એ.જોગીયા સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, ભુપગઢ ગામે ભુપતભાઇ રાઠોડની વાડીની બાજુમાં નદીના કાંઠે કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમતા હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા જુગાર રમતો ભુપત ભનુ રાઠોડ, મકનપર ગામનો દેવાયત જશા આગરીયા, વડાળીનો જયંતી રાયધન કુવાડીયા, કાથરોટાનો ચતુર અરજણ બાવ-ળીયા, રાજકોટના કોઠારીયા રોડ પર ખોડીયાર બેકરીનો અજય બાબુ ડાભી અને પોપટપરાનો નુરા હાજી જુણેજા સહિત છ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૩૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મુસાફરના ખીસ્સા હળવા કરતી રીક્ષા ગેંગનો મુખ્ય સુત્રધાર બે વર્ષે ઝડપાયો

### ગોંડલ સીટી પોલીસના એનડીપીએસના ગુન્હામાં નાસતો ફરતો શખ્સ જેતપુરમાંથી પકડાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા સમયથી રીક્ષા ગેંગ સક્રિય બની મુસાફરોના ખીસ્સા હળવા કરતી ગેંગના સાગરીતોને અગાઉ ઝડપી લેવામાં રાજકોટ શહેર પોલીસને સફળતા મળી છે. પરંતુ છેલ્લા બે વર્ષથી રીક્ષા ગેંગનો મુખ્ય સુત્રધાર પોલીસ પકડથી નાસતોફરતો હોય ગઇકાલે ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે મુખ્ય સુત્રધારને દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલા અને તેની ટીમના પોલીસ જવાનો વિસ્તારમાં મીલ્કત વિરોધી ગુન્હાઓ અટકાવવા અને આરોપીઓને શોધવા પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન જામનગર રોડ પર ઘંટેશ્વર ૨૫ વારીયા કવાર્ટરમાં રહેતો નટુ દિનેશ કુવરીયાને દબોચી લઇ તપાસ કરતા અગાઉ આ શખ્સ સાગરીતો સાથે મળી ઓટો રીક્ષામાં પેસેન્જર બેસાડી ધક્કામુક્કિ કરી સોનાના દાગીના, મોબાઇલ અને રોકડ ચોરી કરતી ગેંગનો આ મુખ્ય સુત્રધાર હોય પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે અન્ય એક બનાવમાં જેતપુર સીટી પોલીસના પીઆઇ એ.ડી.પરમારની સુચનાથી એએસઆઇ ભાવેશભાઇ, મીલનસિંહ અને હેડ કોન્સ. સાગરભાઇ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન હક્કિત મળી હતી કે, ગોંડલ સીટી બી-ડિવિઝન પોલીસ મથકના એનડીપીએસના ગુન્હામાં નાસતોફરતો આરોપી રીયાઝ ઉર્ફે બાંગો હનીફ રફાઇ (રહે.સહકારી મંડળી પાસે, બાવાવાળાપરા, જેતપુર) નામનો શખ્સ પાંચપીપળા રોડ પર મામાદાદાના મંદિર પાસે હોવાની હકિકત મળતા પોલીસે ઉપરોક્ત સ્થળે દોડીજઇ આરોપીને દબોચી લઇ ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસના હવાલે કરવા તજવીજ હાથ ધરી છે.

## ૭ વર્ષની બાળાના દુષ્કર્મ કેસમાં ૩૪માં દિવસે આરોપીને દોષિત ઠેરવતી કોર્ટઃ ૧૫મીએ સજાનો ચુકાદો

### બાળકીના પિતાએ કોર્ટમાં પત્ર લખી ન્યાયની માંગ કરતા પોલીસ, વકીલ અને કોર્ટના સહયોગથી ૬ દિવસમાં પુરાવા નોંધ્યા



વકીલ : APP-પ્રશાંત પટેલ વકીલ : DGP-સંજય વોરા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના કાનપર ગામે વાડીમાં દાહોદ પંથકનો શ્રમિક પરિવાર ખેતર ભાગીયે રાખી ખેત મજૂરી કરે છે. ગત તા.૦૪-૧૨-૨૦૨૫ ના રોજ શ્રમિક પરિવાર વાડીમાં કામ કરી રહ્યો હતો. ત્યારે પરિવારની છ વર્ષ આઠ માસની બાળકી વાડીમાં જ રમી રહી હતી. ત્યારે અજાણ્યા શખ્સે ઘસી આવી બાળકીનું મોઢું દબાવી હેવાને અમાનુષી અને ક્રૂરતાપૂર્વક દુષ્કર્મ ગુજાર્યો હતો. હેવાને હવસનો શિકાર બનાવ્યા બાદ ગુપ્તાંગમાં સળિયા જેવું ધારદાર હથિયાર ઘુસાવી દેતા બાળકી લોહીલુહાણ થઈ ગઈ હતી. બાદમાં નરાધમ બાળકીને ત્યાં જ મૂકી નાસી ગયો હતો. પરિવારે બાળકીની શોધખોળ શરૂ કરતા તેણી ત્યાં નજીકમાંથી જ લોહીલુહાણ હાલતમાં મળી આવતા બાળકીને સારવાર અર્થે તાત્કાલિક રાજકોટની જનાના હોસ્પિટલ ખાતે ખસેડી હતી. આટકોટ પોલીસે બાળકીના પિતાની ફરિયાદ પરથી પોક્સો અને દુષ્કર્મની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. બાળકી ઉપર અમાનુષી અત્યાચાર ગુજારનાર મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ જસદણના કાનપર ગામની સીમમાં રહેતા રામસિંગ તેરસીંગ ડવેજરની ધરપકડ કરી હતી. પોલીસની પૂછપરછમાં નરાધમે કબૂલાત આપી હતી કે, પોતે પીડિત બાળકીનો પરિવાર જે વાડીમાં મજૂરી કરે છે તેની બાજુની વાડીમાં જ પોતે પણ મજૂરી કરે છે. અહીંથી નીકળતા માસુમ બાળકી ખેતરમાં જ રમતી હતી. જેથી નરાધમની દાનત બગડી હતી. બાળકીને ઉઠાવી નજીકમાં જ પાણીની ટાંકી પાસે લઇ ગયો હતો અને દુષ્કર્મ ગુજારવાની કોશિશ કરી હતી. તેમાં નિષ્ફળ જતાં ઉશ્કેરાયેલા શખ્સે બાજુમાં જ પડેલ લોખંડનો એક ફૂટનો સળીયો બાળકીના ગુપ્તાંગમાં ઘુસાવી લોહીલુહાણ કરી ત્યાં જ બાળકીને મૂકી નાશી ગયો હતો. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ

રજૂ કરવામાં આવી હતી. બાળકીના પિતાએ અદાલતમાં વિસ્તૃત પત્ર લખી બાળકીની આ હાલત કરનાર આરોપી સામે તાત્કાલીક કેસ ચલાવી સખ્ત સજાની માંગ કરી હતી. બનાવની ગંભીરતા ધ્યાનમાં લઈને કોર્ટે કેસ રોજબરોજ ચલાવવાનો હુકમ કરી ૬ દિવસમાં પુરાવો નોંધવાનુ કાર્ય પૂર્ણ કર્યું હતું. બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા બંને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષ દ્વારા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો, પુરાવાઓ અને ટાંકેલા વિવિધ ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ સ્પે. કોર્ટના જજ વી. એ. રાણાએ ૭વર્ષની બાળકી ઉપર બનેલ દુષ્કર્મના કેસમા ૩૪ મા દિવસે આરોપી રેમસીગ તેરસીગને તકસીરવાન ઠેરવ્યો છે. જ્યારે સજા અંગે વધુ સુનવણી તા.૧૫/૦૧/૨૦૨૬ ના હાથ ધરવામાં આવશે. આ કેસમાં જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા અને મદદગારીમાં એ.પી.પી. પ્રશાંતભાઈ પટેલ રોકાયા છે.

## પતંગ લૂંટવા છાપરા પર ચડેલો ૧૧ વર્ષનો માસુમ નીચે પટકાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે લાતી પ્લોટમાં પતંગ લૂંટવા છાપરા પર ચડેલો ૧૧ વર્ષનો બાળક નીચે પટકાતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, જુના મોરબી રોડ પર લાતી પ્લોટમાં પટેલ ટીમ્બર્સ પાસે રહેતાં યુનુસભાઈ શેખનો ૧૧ વર્ષનો પુત્ર સલમાન બપોરે ઘર પાસે હતો ત્યારે પતંગ લુંટવા માટે છાપરા પર ચડયો હતો. દરમિયાન અકસ્માતે છાપરા પરથી પગ લપસતા નીચે પટકાયો હતો. જેમાં તેને મોંઢાના ભાગે તથા શરીરે ઈજા થતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બી-ડીવીઝન પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં સલમાનના પિતા મજુરી કામ કરતાં હોવાનું અને સલ સલમાન અભ્યાસ કરતો ન હોવાનું જાણવા મળ્યું છે.

## હૃદયરોગના હુમલાનો ખતરો યથાવતઃ વધુ બે લોકોના શ્વાસ થંભી ગયા

### કારની સફાઈ કરતા નેપાળી સહિત બે યુવાન બેભાન હાલતમાં ઢળી પડ્યા બાદ મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં હૃદયરોગના હુમલાના બનાવ વધી ૧ રહ્યાં છે ત્યારે શહેરમાં હાર્ટએટેકથી ૧ વધુ બેના મોત નિપજ્યા હતાં. અયોધ્યા ચોકમાં કારની સફાઈ કરતાં - નેપાળી યુવાન અને નવાગામમાં રહેતાં યુવાનનું હાર્ટએટેકથી મોત ૧ નિપજતાં બન્ને પરિવારમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ,

૧૫૦ ફુટ રીંગ રોડ પર માધાપર ચોકડી નજીક આવેલા અયોધ્યા ચોકમાં ગોકુલ મથુરા એપાર્ટમેન્ટમાં રહેતાં અને ચોકીદારીનું કામ કરતાં ખીમ બહાદુર હક્કબહાદુર ખત્રી (ઉ.૩૦) નામનો નેપાળી યુવાન સવારે એપાર્ટમેન્ટમાં કારની સફાઈ કરતો હતો ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કર્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે શેડી જઈ જરૂરી કોર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ત્રણ ભાઈ બે બહેનમાં નાનો હોવાનું જાણવા મળ્યું છે.

બીજા બનાવમાં કુવાડવા રોડ પર આવેલા નવાગામમાં શિક્ત સોસાયટી શેરી નં.૧૦માં રહેતો કુલદીપ ધનશ્યામભાઈ શાપરા (ઉ.૩૭) નામનો યુવાન સવારે પોતાના ઘરે હતો ત્યારે છાતીમાં દુઃખાવો ઉપડતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં તેનું મોત નિપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં મૃતક બેભાઈમાં નાનો અને ડ્રાઈવીંગ કામ કરતો હોવાનું તથા તેને સંતાનમાં બે પુત્રો હોવાનું જાણવા મળ્યું છે. તબીબો દ્વારા હાર્ટએટેક આવતાં મોત થયાનો અભિપ્રાય આપ્યો હતો.

## રાજકોટ તાલુકા અનુસુચિત જાતિ સામુદાયીક ખેતી સહકારી મંડળી લી.ની જમીન અંગે પૂર્વ મુખ્યમંત્રીને રજુઆત

### જમીન માફીયાઓ, અધિકારીઓ અને પૂર્વ પ્રમુખ મુળજી ચાવડા સહિતનાએ મળીને મંડળીની જમીનો ષડયંત્ર રચીને હડપ કરેલ છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ ને રજૂઆત કરવા માં આવી છે કે, અમો રાજકોટ તાલુકા અનુસુચિત જાતિ સામુદાયીક ખેતી સહકારી મંડળી લી. ના સભ્ય છીએ. સરકાર ધ્વારા વર્ષ ૧૯૮૨ માં અમોને ખેતી કરવા માટે રાજકોટ તાલુકાના વિવિધ ગામોમાં જમીનો આપવામાં આવેલ છે જેમા ખેતી કરીને અમો અમારૂ ગુજરાન ચલાવીએ છીએ. આ જમીનોની કિંમત વધતા જમીન માફીયાઓ અને સરકારી અધિકારીઓ મળીને અમારી જમીનો ખોટા કારણો બતાવીને ખાલસા કરેલ છે. ત્યાર પછી આ જમીનોનો રાજકોટ ભા.જ.પ. ના આગેવાનો તથા તેમના મળતીયાઓ ધ્વારા વેચાણ દસ્તાવેજ કરી લીધેલ છે જેમા અમો છેલ્લા ઘણાં વર્ષોથી રાજકોટ કલેકટર પાસે આ બાબતની તટસ્થ તપાસ કરી કસુરવારો ઉપર કાર્યવાહી કરવા માંગણી કરી રહ્યા છીએ. પરંતુ કલેકટર રાજકોટ ધ્વારા એક જ જવાબ આવે છે કે હાઈકોર્ટમાં મેટર પેન્ડીંગ છે. અમારી પણ હાઈકોર્ટમાં મેટર પેન્ડીંગ હોવા છતાં અમારી મંડળીની જમીનોના દસ્તાવેજ કરવાની પરવાનગી કેમ આપવામાં આવે છે? તેમજ જે મુદ્દે મંડળીની જમીન શ્રી સરકાર કરવામાં આવેલ છે તે મુળજી ચાવડા ઉપર આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

જમીન માફીયાઓ, અધિકારીઓ અને પૂર્વ પ્રમુખ મુળજી ચાવડા એ બધાંએ મળીને મંડળીની જમીનો ષડયંત્ર રચીને હડપ કરેલ છે. જેમા ઈમાનદાર અધિકારી ધ્વારા તટસ્થ તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તેટલી જ અમારી માંગણી છે, જેમા અમારી ફરીયાદને સંવેદનશીલ પૂર્વ મુખ્યમંત્રી તરીકે આપ સરકારમાં રજુ કરશો તેવી વિનંતી કરવામાં આવી છે

## નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમમાં રાજકોટ પોલીસ દ્વારા ૭૦૦ પોલીસનું સુરક્ષાચક્ર

### ભારત-ન્યૂઝીલેન્ડના આવતીકાલના મેચમાં લોખંડી બંદોબસ્તઃ ૪૦૦ હોમગાર્ડ જવાનને પણ ફરજ સોંપાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતી કાલે તા.૧૪ ને મકરસંક્રાંતિ ના દિવસે જામનગર રોડ પર આવેલા ખંઢેરી પાસે આવેલા નીરંજન શાહ ઇન્ટરનેશન સ્ટેડિયમમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ડે-નાઈટ વન-ડે મુકાબલો રમાનાર છે. જેને લઇ રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. સ્ટેડિયમની અંદર અને બહાર મળી ૭૦૦ થી વધુ પોલીસ જવાનો અને ૪૦૦ થી વધુ હોમગાર્ડ-ટીઆરબી જવાનોનો લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ભારત-ન્યુઝીલેન્ડ મેચને લઈ એસપી વિજયસિંહ ગુર્જરએ જણાવ્યું હતું કે, રાજકોટ રેન્જ આજી અશોકકુમાર યાદવના માર્ગદર્શન હેઠળ મર્ચને લઈ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં ૭૦૦ થી વધુ પોલીસ જવાનો અને ૪૦૦ થી વધુ હોમગાર્ડ-ટીઆરબી જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ઉપરાંત ઉમેર્યું કે, દર વખત મેચ દરમિયાન જામનગર રોડ પર કલાકો સુધી ટ્રાફિકજામની સ્થિતિ જોવા મળતી હોય છે, ત્યારે આ વખત ટ્રાફિકજામ ન સર્જાય તે માટે પોલીસ દ્વારા મેચ જોવા આવનાર તમામને તાકીદ કરવામાં આવી છે. જો કોઈ મેચ જોવા આવનાર લોકો વાહન રોડ પર રાખશે તો પોલીસ દ્વારા આ વાહનો લોક અથવા ડિટેઇન કરી ટોઇંગ કરવામાં આવશે. મકરસંક્રાતિના દિવસે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે વન-ડે મેચ હોય જેથી જાહેર રજાના કારણે ક્રિકેટ પ્રેમીઓનો ઉત્સાહ બેવડાયો છે, જેને લઈ સ્ટેડિયમ ફૂલ રહેવાની પૂરેપુરી શકયતા છે. મેચ જોવા માટે દેશભરમાંથી હજારોની સંખ્યામાંક્રિકેટપ્રેમીઓ આવનાર છે. ત્યારે મેચ દરમિયાન કોઇ અનઇચ્છનિય ઘટના ન બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

ઉપરાંત જણાવ્યું કે, મેચને લઈ સુરક્ષાની તમામ બાબતો અંગેની રૂપરેખા તૈયાર કરી લેવામાં આવી છે. દર વખત મેચ દરમિયાન ટ્રાફિકજામની ભારે સમસ્યા સર્જાતી હોય જે ખાસ કરીને મેચ શરૂ થતા પૂર્વે અને મેચ પુરો થયા બાદ કલાકો સુધી વાહનચાલકોની કતારો જોવા મળે છે ત્યારે ટ્રાફિકજામની આ સમસ્યાના ઉકલ માટે આ વખત પોલીસ દ્વારા ખાસ એકશન પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યો છે. મેચ જોવા આવનાર દરેક વાહનચાલકોએ ખાસ કરીને ફોર વ્હીલના ચાલકોએ પોતાના વાહન નક્કી કરેલા પાર્કિંગમાં જ રાખવા જો કોઈ પણ વાહન રોડ પર રાખશે તો પોલીસ દ્વારા તેમના વાહન લોક કરી દેવામાં આવશે અથવા ડિટેઈન કરવામાં આવશે. હોટલ સંચાલકોને પણ તાકીદ કરવામાં આવી છે જો મેચ દરમિયાન તેમના હોટલના પાર્કિંગ એરિયા સિવાય રોડ પર વાહન પાર્ક કરવામાં આવશે તો તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

મેચ દરમિયાન સ્ટેડિયમની અંદર અને બહાર પોલીસનો જડબેસલાક બંદોબસ્ત રહેશે. કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાશે તો પોલીસ દ્વારા તરત જ એકશન લેવામાં આવશે. ખેલાડીઓ માટે વિશેષ સુરક્ષા બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. મેચ દરમિયાન ડ્રોનનો ઉપયોગ થઇ શકશે નહીં. આ ઉપરાંત મેચ જોવા આવનાર પ્રેક્ષકોનું એન્ટ્રી ગેઈટ પર સઘન ચેકીંગ કરવામાં આવશે જેથી કરીને જે વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય તેવી કોઇ વસ્તુ મેદાન પર લઇને જવું નહીં અન્યથા કાર્યવાહી કરવામાં આવશે.

બંદોબસ્તમાં એલસીબી, એસઓજી, ઘોડેસવાર પોલીસ પણ બંદોબસ્તમાં તહેનાત રહેશે. બોમ્બ ડિસ્પોઝેબલ સ્ક્વોડની ટીમ, સીસીટીવી સર્વેલન્સની ટીમની પણ મદદ લેવાશે. જ્યારે સ્ટેડિયમમાં પ્રવેશવાના તમામ ગેઈટ પર મેટલ ડિટેક્ટર મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત ડોરફ્રેમ મેટલ ડિટેક્ટરનો ઉપયોગ કરવામાં આવશે.